सत्यमेव जयते

# ગુજરાત વિધાનસભા સચિવાલય

## સન ૧૯૬૦નો ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ અને તેની નીચે કરવામાં આવેલ નિયમો

**ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત**

**અગિયારમી આવૃત્તિ**

**ગાંધીનગર**

**ડિસેમ્બર-૨૦૦૭**

એચબી-૬૧૦-(૧)

©

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

# પ્રસ્તાવના

"સન ૧૯૬૦નો ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર અને ભથ્થાં બાબતનો અધિનિયમ અને તેની નીચે કરવામાં આવેલા નિયમો" એ નામના પ્રકાશનની અદ્યતન નવી આવૃતિમાં છેલ્લે સન ૨૦૦૫ માં સભ્યોના પગાર અને ભથ્થામાં કરવામાં આવેલ સુધારાઓને આમેજ કર્યા છે જેથી વિધાનસભાના સભ્યો તેમજ સંબંધ ધરાવતા સહુ કોઈને સભ્યોના પગાર, ભથ્થાં અને સવલતો અંગેની અદ્યતન જાણકારી મળી રહે. આશા છે કે, આ પ્રકાશન સભ્યોના પગાર, ભથ્થાં તથા સવલતો વિષે જાણકારી મેળવવામાં ઉપયોગી નીવડશે.

ગાંધીનગર,
૪/૧૨/૨૦૦૭

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા સચિવાલય.

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પાના ક્રમાંક |
|---|---|---|
| ૧. | સન ૧૯૬૦નો ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ. | ૧-૧૩ |
| ૨. | સન ૧૯૬૦ના ગુજરાત વિધાનસભાના સભ્યોના (ભથ્થાં) બાબતના નિયમો | ૧૪-૨૭ |
| ૩. | સન ૧૯૬૦ના ગુજરાત વિધાનસભાના સભ્યોને (માર્ગ વાહનવ્યવહાર સેવા દ્વારા મફત પ્રવાસ કરવા દેવા) બાબતના નિયમો. | ૨૮-૩૦ |
| ૪. | સન ૧૯૬૪ના ગુજરાત વિધાનસભાના સભ્યોને (તબીબી સંભાળ) બાબતના નિયમો. | ૩૧-૩૮ |
| ૫. | સન ૧૯૮૧ના ગુજરાત વિધાનસભાના સભ્યોને (માર્ગ વાહનવ્યવહાર સેવા દ્વારા મુસાફરીનું) ભાડું પરત ભરપાઈ કરી આપવા બાબતના નિયમો. | ૩૯-૪૩ |
| ૬. | સન ૧૯૯૯ના ગુજરાત વિધાનસભાના સભ્યોને (વિમાન દ્વારા મુસાફરી અંગેની સવલતો) પરત ભરપાઈ કરી આપવા બાબતના નિયમો. | ૪૪-૪૭ |
| ૭. | સન ૨૦૦૬ના ગુજરાત વિધાનસભાના સભ્યોને રેલવે દ્વારા મુસાફરી ભાડુ પરત ભરપાઈ કરી આપવા બાબતના નિયમો. | ૪૮-૫૨ |

એચબી-૬૧૦-(૨)

# સન ૧૯૬૦ના ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ*

## (સન ૧૯૬૦નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૨ જો **)

**(તા.૨૨મી સપ્ટેમ્બર,૧૯૬૦)**

સન ૧૯૬૩ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૪ થી સુધારેલ
સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૧ થી સુધારેલ
સન ૧૯૬૬ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૭ થી સુધારેલ
સન ૧૯૬૮ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૬ થી સુધારેલ
સન ૧૯૭૦ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૬ થી સુધારેલ
સન ૧૯૭૨ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૭ થી સુધારેલ
સન ૧૯૭૭ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૨ થી સુધારેલ
સન ૧૯૭૯ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૫ થી સુધારેલ
સન ૧૯૭૯ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૬ થી સુધારેલ
સન ૧૯૮૧ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૯ થી સુધારેલ
સન ૧૯૮૬ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૯ થી સુધારેલ
સન ૧૯૯૨ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૬ થી સુધારેલ
સન ૧૯૯૮ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૦ થી સુધારેલ
સન ૨૦૦૫ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૩ થી સુધારેલ

ગુજરાત વિધાનમંડળના સભ્યોના પગાર તેમજ ભથ્થાં અને બીજી અમુક બાબતો માટે પ્રબંધ કરવા બાબતનો અધિનિયમ.

જે અર્થે ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર તથા ભથ્થાં નકકી કરવા માટે અને આમાં હવે પછી જણાવેલ બીજી બાબતો સારું પ્રબંધ કરવાનું ઈષ્ટ છે; વાસ્તે, આથી ભારતના ગણરાજયના અગિયારમા વર્ષમાં નીચે પ્રમાણે અધિનિયમિત કર્યું છે. :-

**૧. ટૂંકી સંજ્ઞા અને શરૂઆત :** (૧) આ અધિનિયમને સન ૧૯૬૦નો ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ કહેવો.

(૨) તે સન ૧૯૬૦ના મે મહિનાની ૧લી તારીખથી અમલમાં આવશે.

---

* ઉદ્દેશો અને કારણોના નિરૂપણ માટે ગુજરાત સરકારના તા.૧૫મી જુલાઈ-૧૯૬૦ના રાજયપત્ર અસામાન્ય ભાગ-૫નું પાનું-૧૭ જોવા વિનંતી.

* * આ અધિનિયમને રાજયપાલશ્રીએ તા.૧૯મી સપ્ટેમ્બર,૧૯૬૦ના રોજ સંમતિ આપી હતી.

**એચબી-૬૧૦-૧**

**૨. વ્યાખ્યા.**[૧][(૧)] આ અધિનિયમમાં વિષય અથવા સંદર્ભ પરથી કંઈપણ બાધ આવતો હોય, તે સિવાય :-

(અ) ''સભા'' એટલે ગુજરાત વિધાનસભા ;

(બ) ''સમિતિ'' એટલે વિધાનસભાની સમિતિ ;

[૨][ * * * * ]

(ક) ''સભ્ય'' એટલે વિધાનસભાનો સભ્ય;

(ડ) ''મંત્રી'' અને ''નાયબ મંત્રી'' એટલે અનુક્રમે ગુજરાત સરકારના મંત્રી અને નાયબ મંત્રી, [૩][અને મંત્રીમાં,--

(૧) મુખ્યમંત્રી,

(૨) નાયબ મુખ્યમંત્રીનો, અને

(૩) રાજયકક્ષાના મંત્રીનો સમાવેશ થાય છે;]

(ઈ) ''સંસદીય સચિવ'' એટલે મંત્રીનો સંસદીય સચિવ.

(ફ) ''અધ્યક્ષ'' એટલે વિધાનસભાના અધ્યક્ષ.

(ગ) સભ્યના સંબંધમાં 'પદાવધિ' એટલે આવો સભ્ય સભામાં પોતાનું સ્થાન લે તે તારીખથી શરૂ થતી અને જે તારીખે તેનું સ્થાન રિકત થાય તે તારીખે પૂરી થતી મુદત :

પરંતુ મુંબઈ વિધાનસભાના જે સભ્યો સન ૧૯૬૦ના મુંબઈ પુનઃરચના અધિનિયમની કલમ-૧૫ની રૂએ ગુજરાત વિધાનસભામાં ચૂંટાયેલા ગણાતા હોય તે સભ્યોના દાખલામાં તેમની પદાવધિની મુદત આ અધિનિયમના હેતુઓ સારુ સન ૧૯૬૦ના મે મહિનાની ૧લી તારીખથી શરૂ થયેલી ગણાશે.

---

૧. સન ૧૯૬૮ ના ગુજરાત અધિનિયમ ક્રમાંક :૧૬ની કલમ-૨ થી, કલમ-૨ને કલમ-૨ની પેટા કલમ-(૧) એવો નંબર આપવામાં આવ્યો હતો.

૨. સન ૧૯૬૮ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૬ની કલમ ૨(૧)થી જે ખંડ(બબ) દાખલ કરવામાં આવ્યો હતો તે સન ૧૯૭૯ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ- ૧૫ ની કલમ-૧૩(અ)(૧)થી રદ કરવામાં આવ્યો હતો.

૩. સન ૧૯૭૭ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૨ ની કલમ-૨ થી ''અને મંત્રી'' માં ''મુખ્યમંત્રી'' નો સમાવેશ થાય છે એ શબ્દોને બદલે આ ભાગ દાખલ કરવામાં આવ્યો હતો.

[1] [*                *                *                *]

**૩. સભ્યોને આપવાના પગાર તથા એકત્રિત ભથ્થા બાબત :** - [2] **[**(૧) દરેક સભ્યને તેના હોદ્દાની સમગ્ર મુદત દરમિયાન રાજ્ય સરકારના નીચલી શ્રેણીના વર્ગ-૧ અધિકારીને ચૂકવવાપાત્ર ઓછામાં ઓછા મૂળ પગારના દરે મહિના દીઠ પગાર ચૂકવવામાં આવશે.

(૨) દરેક સભ્યને તેના હોદ્દાની સમગ્ર મુદત દરમિયાન, અનુક્રમે આ કલમની પેટા-કલમ (૧), કલમ ૬-કની પેટા-કલમ (૨) અને કલમ ૮ની પેટા-કલમો (૨) અને (૫-ક) માં ઉલ્લેખેલ પગાર, ટેલીફોન ચાર્જ, અંગત મદદનીશની સેવા અને ટપાલ અને સ્ટેશનરી ચાર્જના ખર્ચની એકંદર રકમ ઉપર રાજ્ય સરકારના કર્મચારીઓને લાગુ પડતા મોંઘવારી ભથ્થાંના દરે મહિના દીઠ એકત્રિત ભથ્થું ચૂકવવામાં આવશે.

**સ્પષ્ટીકરણ :**- આ પેટા-કલમના હેતુ માટે, ''મોંઘવારી ભથ્થું'' એટલે સન ૨૦૦૫ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પછી, રાજ્ય સરકારે, વખતોવખત જાહેર કરવાનું મોંઘવારી ભથ્થું, પણ તેમાં સદરહુ તારીખ પહેલાં જાહેર કરેલ મોંઘવારી ભથ્થાંનો સમાવેશ થશે નહિ.'' **]**

[3] **[૪. સભ્યોને દૈનિક ભથ્થું આપવા બાબત :** કલમ ૧૦ હેઠળ આ અર્થે કરવામાં આવે તેવા નિયમો અથવા આદેશોને અધિન રહીને,

(ક) ખંડ (ખ) લાગુ પડતો ન હોય તેવા દરેક સભ્યને, વિધાનસભાની બેઠક અથવા સમિતિની સભા ભરવાના સ્થળે તેની બેઠક અથવા સભામાં, અથવા સભ્યની સમિતિના અધ્યક્ષ તરીકે ફરજો સાથે સંકળાયેલા કામ માટે હાજરી આપવાના હેતુ માટે તે સ્થળે રહેવાના દરેક દિવસ માટે [4] **[**રૂા. ૨૦૦.**]** ના દરે દૈનિક ભથ્થું આપવામાં આવશે.

---

૧. સન ૧૯૬૮ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ- ૧૬ની કલમ-૨(૨) થી જે પેટા કલમ(૨) દાખલ કરવામાં આવી હતી તે સને ૧૯૭૯ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૫ ની કલમ -૧૩(અ) (૨) થી રદ કરવામાં આવી હતી

૨. સન ૨૦૦૫ ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૩ની કલમ-૨ની અનુસૂચિના કોલમ-૩ની બાબત ૧થી મૂળ કલમ-૩ને બદલે આ કલમ મૂકવામાં આવી.

૩. સન ૧૯૬૮ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૬ની કલમ-૪ થી આ કલમ બદલવામાં આવી.

૪. સન ૨૦૦૫ ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૩ની કલમ-૨ની અનુસૂચિના કોલમ-૩ ની બાબત-૨ થી ''૧૫૦'' એ આંકડાને બદલે આ આંકડા મૂકવામાં આવ્યાં.

(ખ) આવી બેઠક અથવા સભા ભરવાના સ્થળે અથવા સભ્યની સમિતિના અધ્યક્ષ તરીકેની ફરજો સાથે સંકળાયેલું કામ જયાં ચલાવાતું હોય, તે સ્થળે જે કોઈ સભ્ય સામાન્ય રીતે રહેતો હોય અથવા વ્યવસાય ચલાવતો હોય, તેને આવી બેઠક, સભા અથવા કામ માટે જ હાજરી આપવાના દરેક દિવસ માટે [1] [રૂ.૨૦૦] દૈનિક ભથ્થું આપવામાં આવશે.

પરંતુ કોઈ સભ્ય લાગલગાટ બે સભા વચ્ચે વધારેમાં વધારે ચાર દિવસ સુધીના [2][ગાળાની તરત પહેલાં અથવા તે પછી ] આવી બેઠકમાં, સભામાં અથવા કામ માટે હાજરી આપે ત્યારે આવો ગાળો-

(૧) ખંડ (ક) જેને લાગુ પડતો હોય તેવા સભ્યની બાબતમાં જયાં આવી બેઠક કે સભા ભરાય અથવા આવું કામ ચલાવાય તે સ્થળે રહેવાની મુદત ગણાશે.

(૨) ખંડ (ખ) જેને લાગુ પડતો હોય તેવા સભ્યની બાબતમાં, આવી બેઠક કે સભામાં અથવા કામ માટે હાજરી આપવાના દિવસો ગણાશે.]

**૫. (૧) સભ્યોને મુસાફરી ભથ્થું આપવા બાબત :** દરેક સભ્યને વિધાનસભાનું અધિવેશન અથવા સમિતિની બેઠક જે સ્થળે ભરવામાં આવતી હોય તે સ્થળે આવું અધિવેશન અથવા બેઠકમાં હાજરી આપવાના હેતુ સારૂ [3][અથવા સમિતિના પ્રમુખ તરીકેની ફરજો સાથે સંકળાયેલું કોઈપણ કામકાજ જે સ્થળે ચલાવવામાં આવતું હોય તેવા સ્થળે આવું કામકાજ ચલાવવાના હેતું સારુ,] કરેલા પ્રવાસ માટે અને આવા સ્થળેથી પાછા ફરવાના પ્રવાસ માટે-

[4][(૧) રેલ્વે અથવા સ્ટીમર દ્વારા પ્રવાસ માટે, તેમાં પ્રબંધ કર્યાં પ્રમાણેના કલમ ૧૦ અન્વયે કરેલા નિયમો અથવા આદેશો દ્વારા નકકી કરવામાં આવે તેવા વર્ગના ભાડાના દોઢા દરે, અને]

---

૧. સન ૨૦૦૫ ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૩ની કલમ-૨ની અનુસૂચિના કોલમ-૩ ની બાબત-૨ થી ''૧૫૦'' એ આંકડાને બદલે આ આંકડા મૂકવામાં આવ્યાં.

૨. સન ૧૯૭૨ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૭ની કલમ-૨ થી '' વિરામના તરતજ પહેલાં અથવા વિરામ પછી તરત જ '' એ શબ્દોને બદલે આ શબ્દો મૂકવામાં આવ્યા હતા.

૩. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૧ની કલમ-૪(૧) (અ) થી આ શબ્દો ઉમેરવામાં આવ્યા હતા.

૪. સન ૧૯૬૩ના ગુજરાત અધિનિયમ ક્રમાંક:૨૪ની કલમ-૨ (અ) થી મૂળ ખંડને બદલે ખંડ(૧) મૂકવામાં આવ્યો હતો.

[૧][(૨) કલમ-૬ની પેટા કલમ (૨) ના ઉપબંધોને આધીન રહીને, રેલ્વે અથવા સ્ટીમર દ્વારા પ્રવાસ ઉપરાંત અથવા બીજી રીતે જમીન માર્ગે અથવા સમુદ્ર માર્ગે અથવા નદી માર્ગે પ્રવાસ કરવા માટે તેવી રીતે નકકી કરવામાં આવે તેવા કિલોમીટર દીઠ દરે મુસાફરી ભથ્થું આપવું.]

પરંતુ કોઈ સભ્ય, જે સ્થળે આવું અધિવેશન અથવા બેઠક ભરવામાં આવતી હોય [૨][અથવા આવું કામકાજ ચલાવવામાં આવતું હોય] તે સ્થળે સામાન્ય રીતે રહેતા હોય અથવા ધંધો ચલાવતો હોય તો, આ પેટા-કલમમાંના કોઈપણ મજકૂરથી આવો સભ્ય મુસાફરી ભથ્થા માટે હકદાર થશે નહિ.

[૩][[વધુમાં કોઈ સભ્ય કલમ ૫-બ હેઠળ જોગવાઈ કરેલ સગવડ પ્રમાણે રેલ્વેમાં મુસાફરી કરે તે પ્રસંગે, તેવા પ્રવાસના અંતર માટે [૪][પ્રથમ વર્ગના અડધા ભાડા જેટલું ] મુસાફરી ભથ્થું મળી શકશે.]]

[૫][ * * * * ]

[૬][**૫.ક. સમિતિના પ્રમુખ અથવા સભ્ય ભારતના કોઈપણ ભાગમાં ફરજ પર પ્રવાસમાં હોય ત્યારે આપવાનું ભથ્થું :** સમિતિના પ્રમુખ અથવા સભ્ય તરીકે પોતાની ફરજો બજાવવા ભારતના કોઈપણ ભાગના પ્રવાસ દરમ્યાનની કરેલી મુસાફરી માટે આવા પ્રમુખ કે સભ્યને કલમો-૪ અને ૫ માં ઠરાવેલા દરે દૈનિક ભથ્થું તથા મુસાફરી ભથ્થું આપવામાં આવશે.

---

૧. સન ૧૯૬૩ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ૨૪ની કલમ-૨(બ) થી મૂળ ખંડને બદલે ખંડ (૨) મૂકવામાં આવ્યો હતો.

૨. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૧ની કલમ-૪(૧) (બ) થી આ શબ્દો ઉમેરવામાં આવ્યા હતા.

૩. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૧ની કલમ-૪(૧) (ક) થી આ '' પરંતુક '' ઉમેરવામાં આવ્યો હતો.

૪. સન ૧૯૬૬ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૭ની કલમ-૨ થી '' એક વ્યકિતનું પ્રથમ વર્ગનું ભાડું '' એ શબ્દોને બદલે આ શબ્દો મૂકવામાં આવ્યા હતા.

૫. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૧ની પેટા કલમો (૪) (૨) અને (૭) થી પેટા કલમ (૨) રદ કરવામાં આવી હતી

૬. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૧ ની કલમ-૫ થી કલમો ૫-ક અને ૫-ખ દાખલ કરવામાં આવી હતી.

**૫.ખ. રેલ્વે દ્વારા મફત મુસાફરી :** દરેક સભ્યને રાજ્યની સરકાર, સરકારી ગેઝેટમાં જાહેર કરે તે તારીખથી એવી સગવડ આપવામાં આવશે કે તે, આ બાબતમાં નિયમો અથવા હુકમોથી ઠરાવવામાં આવે તે રીતે અને તે શરતોને આધિન રહીને, ગુજરાત રાજયના કોઈપણ ભાગમાં [૧][અને ભારતના કોઈપણ ભાગમાં]ગમે તે રેલ્વેમાં ગમે તે સમય [૨][પ્રથમ વર્ગમાં અથવા વાતાનુકુલિત બીજા વર્ગમાં ] મુસાફરી કરવાને હકદાર થશે.

[૩][પરંતુ, ગુજરાત રાજ્યની બહાર ભારતના કોઈપણ ભાગમાં રેલ્વે દ્વારા એવી મુસાફરી કોઈ સભ્ય પોતાની પત્ની કે પતિ [૨][અને તેની સાથે રહેતી અને તેના ઉપર આધારિત તેના કુટુંબની અન્ય બે વ્યકિતઓ] સાથે કરી શકશે. પણ એ રીતે કે ગુજરાત રાજયની બહાર એ સભ્ય એકલાએ એ રીતે કરેલી મુસાફરીનું અંતર કોઈપણ વર્ષમાં [૨][૧૦૦૦૦] કિલોમીટર કરતાં વધવું જોઈએ નહિ અને એ સભ્ય અને તેની પત્ની કે પતિએ અને તેની સાથે રહેતી અને તેના ઉપર આધારિત રહેતી તેના કુટુંબની અન્ય કોઈપણ બે વ્યકિતઓએ એ રીતે કરેલી મુસાફરીનું કુલ અંતર કોઈપણ વર્ષમાં [૨][૨૦૦૦૦] કિલોમીટર કરતાં વધવું જોઈએ નહિ.

**સ્પષ્ટીકરણ.**- કોઈ સભ્યે પોતાની પત્ની કે પતિ [૨][અને તેના સાથે રહેતી અને તેના ઉપર આધારિત કુટુંબની અન્ય કોઈપણ બે વ્યકિતઓ] સાથે ગુજરાત રાજ્યની બહાર કેટલા કિલોમીટર મુસાફરી કરી તેની સંખ્યા ગણવાના હેતુ માટે તેણે અને તેની પત્ની કે પતિએ [૨][અને તેની સાથે રહેતી અને તેના ઉપર આધારિત તેના કુટુંબની અન્ય કોઈપણ બે વ્યકિતઓએ] કેટલા કિલોમીટર મુસાફરી કરી તે સંખ્યા જુદી ગણવામાં આવશે.]

---

૧. સન ૧૯૮૧ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૯ની કલમ-૨માં જેનો ઉલ્લેખ કર્યો છે તે અનુસૂચિના ક્રમાંક-૧૫થી આ શબ્દો ઉમેરવામાં આવ્યા હતાં.

૨. સન ૧૯૯૮ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૦ ની કલમ-૨ હેઠળની અનુસૂચિની બાબત ક્રમાંકઃ૩ થી આ શબ્દો મૂકવામાં આવ્યા હતા.

૩. સન ૧૯૮૧ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૯ની કલમ -૨ માં જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે અનુસુચિના ક્રમાંક-૧થી આ પરંતુક ઉમેરવામાં આવ્યો હતો.

[૧][[૬. (૧). **માર્ગ પરિવહન સેવા દ્વારા વિનામુલ્યે મુસાફરી અને માઈલ પ્રમાણે ચૂકવણી :** દરેક સભ્યને, [૨][ઓળખપત્ર રજૂ કર્યેથી ] તે કલમ ૧૦ અન્વયે કરેલા નિયમો અથવા આદેશો દ્વારા નકકી કરવામાં આવે તેવી માર્ગ પરિવહન સેવા દ્વારા, તેવા વર્ગની સગવડ મેળવીને અને તેવી શરતોને આધિન રહીને ગુજરાત રાજયના કોઈપણ ભાગમાં કોઈપણ સમયે મુસાફરી કરવાને હકકદાર રહેશે.

(૨) જે પ્રસંગે, કોઈ સભ્ય, કલમ-પની પેટા કલમ(૧)માં જણાવેલા હેતુ માટે [૨][આવા ઓળખપત્ર ] થી પ્રવાસ કરે તે પ્રસંગે તેને કલમ ૧૦ અન્વયે કરેલા નિયમો અથવા આદેશો દ્વારા નકકી કરવામાં આવે તેવા કિલોમીટર દીઠ દરે મુસાફરી ભથ્થું આપવું.]]

[૩][(૩) રાજ્ય સરકાર, રાજયપત્રમાં જાહેર કરે તે તારીખથી દરેક સભ્યને એવી સગવડ આપવામાં આવશે કે જેથી તેઓ, તે અર્થે નિયમો અથવા હુકમોથી ઠરાવવામાં આવે તે રીતે અને તે શરતોને આધિન રહીને, કોઈપણ સમયે ગુજરાત રાજ્યની બહાર ભારતના કોઈપણ ભાગમાં માર્ગ વાહનવ્યવહાર સેવા દ્વારા મુસાફરી કરવાને હકદાર બનશે.

પરંતુ ગુજરાત રાજ્યની બહાર ભારતના કોઈપણ ભાગમાં માર્ગ વાહનવ્યવહાર સેવા દ્વારા એવી મુસાફરી, કોઈ સભ્ય પોતાની પત્ની કે પતિ અને તેની સાથે રહેતી અને તેના ઉપર આધારિત તેના કુટુંબની અન્ય કોઈપણ [૨][બે વ્યકિતઓ] સાથે કલમ ૫-ખ ના પરંતુકમાં નિર્દિષ્ટ કરેલ મર્યાદાને આધીન રહીને કરી શકશે.]

[૪][**૬-કખ વિમાન દ્વારા મુસાફરી અંગેની સવલતો.**- દરેક સભ્ય સહયાત્રી

---

૧. સન ૧૯૬૩ ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૪ ની કલમ -૩ થી મૂળ કલમને બદલે કલમ-૬ મૂકવામાં આવી હતી.

૨. સન ૧૯૯૮ ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૦ની કલમ-૨ હેઠળની અનુસૂચિની બાબત ક્રમાંકઃ ૪(૧) થી બદલી ન શકાય તેવો એક પાસ પૂરો પાડવામાં આવશે ''એ શબ્દોના બદલે આ શબ્દો મૂકવામાં આવ્યા હતા અને બાબત ક્રમાંકઃ ૪(૨) થી '' આવો પાસ '' એ શબ્દોને બદલે આ શબ્દો મૂકવામાં આવ્યા હતા અને બાબત ક્રમાંક : ૪(૩) થી અથવા કોઈ પણ બીજા એક સભ્ય '' એ શબ્દોને બદલે આ શબ્દો મૂકવામાં આવ્યા હતા.

૩. સન ૧૯૮૧ ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૯ ની કલમ -૨ માં જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે અનુસૂચિના ક્રમાંક-૧ થી કલમ-૬ની પેટા કલમ-૩ તથા કલમ-૬.ક.ક. ઉમેરવામાં આવી

૪. સન ૧૯૯૮ ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૦ની કલમ - ૨ હેઠળની અનુસૂચિ બાબત ક્રમાંકઃ ૫ થી પેટા કલમ-૬ ક ખ ઉમેરવામાં આવી હતી.

સાથે પોતાના નિવાસસ્થાનેથી સૌથી નજીકના વિમાન મથકથી ભારતના કોઈપણ ભાગની દર વર્ષે ત્રણ વખત વિમાન દ્વારા જતાંની તથા વળતાંની મુસાફરી કરવા હકદાર રહેશે.

આવા વિમાની પ્રવાસ માટે સભ્ય દ્વારા એકલા કે સહયાત્રી સાથે સંયુકત પણે કરવામાં આવેલ ખર્ચની ભરપાઈ, પ્રથમ વર્ગની અથવા વાતાનુકુલિત દ્વિતિય વર્ગની રેલવેની મુસાફરીના ભાડા જેટલી રકમ, બેમાંથી જે વધારે હોય તેની મર્યાદામાં રહીને, તેમને કરી આપવામાં આવશે.]

[૧] **[૬ -ક ક. સભ્યની પત્ની કે પતિની રેલ્વે અને માર્ગ વાહનવ્યવહાર સેવા દ્વારા વિનામુલ્યે પ્રવાસની સગવડ.-**

કોઈ સભ્ય ગુજરાત રાજ્યના કોઈપણ ભાગમાં પોતાની પત્ની કે પતિ [૨][અને તેની સાથે રહેતી અને તેના ઉપર આધારિત તેના કુટુંબની અન્ય કોઈપણ બે વ્યકિતઓ] સાથે રેલ્વે કે માર્ગ વાહન વ્યવહાર સેવા દ્વારા મુસાફરી કરે ત્યારે એવા સભ્ય, યથા પ્રસંગ કલમ ૫-ખ અથવા કલમ-૬ની પેટા કલમ (૧) હેઠળ યથા પ્રસંગ, રેલ્વે દ્વારા વિના મુલ્યે પ્રવાસ અથવા માર્ગ વાહનવ્યવહાર સેવા દ્વારા વિના મુલ્યે પ્રવાસ કરવા માટે જે સગવડ મેળવવાને હકદાર થાય છે તે જ સગવડ તેમના [૨] [પત્ની કે પતિ અને તેના કુટુંબની વ્યકિતઓ] એવી મુસાફરીના સંબંધમાં મેળવવાને હકદાર થશે.]

[૩]**[[૬-ક. ટેલીફોન સવલતો.- (૧)** ગુજરાત રાજ્યમાં પોતે જયાં સામાન્ય રીતે રહેતો હોય તે સ્થળે અથવા જેનો પોતે રહેઠાણ માટે પણ ઉપયોગ કરતો હોય તેવા બીજા કોઈ સ્થળે કોઈ સભ્યે ટેલિફોન લીધો હોય ત્યારે આવા ટેલિફોનના ભાડાનો ચાર્જ રાજય સરકાર ભોગવશે.

(૨) દરેક સભ્યને, પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ સ્થળે ટેલિફોન તેણે લીધો હોય કે ન લીધો હોય તો પણ, આવા સભ્ય તરીકે તેને ટેલિફોન ચાર્જ અંગે જે કોઈ ખર્ચ થાય તેને પહોંચી વળવા માટે દર મહિને રૂા [૪] [૪૦૦૦] ની રકમ આપવામાં આવશે.]]

---

૧. સન ૧૯૮૧ ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૯ ની કલમ -૨ માં જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે અનુસૂચિના ક્રમાંક-૧ થી કલમ-૬ની પેટા કલમ-૩ તથા કલમ-૬.ક.ક. ઉમેરવામાં આવી

૨. સન ૧૯૯૮ ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ- ૨૦ ની કલમ - ૨ હેઠળની અનુસૂચિ બાબત ક્રમાંકઃ ૬(૧) થી ''અથવા કુટુંબની એક વ્યકિત'' એ શબ્દોને બદલે આ શબ્દો મૂકવામાં આવ્યા હતા અને બાબત ક્રમાંકઃ ૬(૨) થી '' પતિ કે પત્નિ અથવા કુટુંબની એક વ્યકિત '' એ શબ્દોને બદલે આ શબ્દો મૂકવામાં આવ્યા હતા.

૩. સન ૧૯૭૭ ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૨ ની કલમ -૫ થી કલમ-૬ ક. ઉમેરવામાં આવી હતી.

૪. સન ૨૦૦૫ ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૩ની કલમ-૨ની બાબત ૩ થી ''૩૦૦૦'' એ આંકડાને બદલે આ આંકડા મૂકવામાં આવ્યા હતા.

**૭. સભ્યો સ્થાન રિકત કરે ત્યારે તેમને દૈનિક ભથ્થું અને મુસાફરી ભથ્થું આપવા બાબત.** : આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, કોઈ શખ્સ, સભ્ય હોતો બંધ થાય એટલે તે :-

(ક) જે દિવસે તે સભ્ય હોતો બંધ થયો હોય તે દિવસ પછી તરત આવતા બીજા દિવસ માટે કલમ-૪માં ઠરાવેલા દરોએ દૈનિક ભથ્થું મેળવવાને હકદાર થશે, અને

(ખ) પાછા ફરવાના પ્રવાસ માટે, આવા પ્રવાસ માટે, કલમ-૫માં ઠરાવેલા દરે મુસાફરી ભથ્થું મેળવવાને હકદાર થશે.

[૧][**૮. સુખ સગવડો.** (૧) [૨][ * * * * ] સભ્યો નિયમો કે હુકમોથી નકકી કરવામાં આવે તે દરે અને શરતોએ નિવાસસ્થાનની સગવડ માટે હકદાર થશે.

[૩][ * * * *]

[૪][(૨) દરેક સભ્યને એવા સભ્ય તરીકે પોતે કરે તેવા, અંગત મદદનીશની સેવાના ખર્ચ માટે દર મહિને રૂા. [૫] [ ૩૦૦૦ ] ની રકમ ચૂકવવામાં આવશે]

---

૧. સન ૧૯૬૮ ના ગુજરાત અધિનિયમ ક્રમાંક-૧૬ની કલમ-૫ થી મૂળ કલમને બદલે કલમ-૮ મૂકવામાં આવી હતી.

૨. સન ૧૯૭૯ ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૬ની કલમ-૧૩ (બ) (૧) થી ''વિરોધપક્ષના નેતા ના હોય તેવા'' એ શબ્દો રદ કરવામાં આવ્યા હતા.

૩. સન ૧૯૭૯ ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૬ની કલમ-૧૩ (બ) (૨) થી '' પેટા કલમો (૨) થી (૪) '' રદ કરવામાં આવી હતી.

૪. સન ૧૯૮૬ ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૯ની કલમ-૨ માં જેનો ઉલ્લેખ કર્યો છે તે અનુસૂચિના ક્રમાંકઃ ૧ થી પેટા-કલમ (૨) ઉમેરવામાં આવી હતી.

૫. સન ૨૦૦૫ ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૩ ની કલમ-૨ ની બાબત ૪ ની પેટા-કલમ -૧ થી '' ૨૪૦૦ '' એ આ આંકડાને બદલે આ આંકડા મૂકવામાં આવ્યા હતા.

**એચબી-૬૧૦-૨**

[1][[(૫) કોઈ સભ્ય અને તેની સાથે રહેતા અને તેના આશ્રિત તેના કુટુંબના સભ્યો, રાજ્ય સરકાર દ્વારા નિભાવાતી હોસ્પિટલમાં વિનામૂલ્યે સગવડ, તબીબી ઉપચાર તથા સારવાર માટે હકદાર રહેશે.

**પરંતુ**

(ક) કોઈ સભ્ય અને તેની સાથે રહેતી અને તેના ઉપર આધારિત તેના કુટુંબની વ્યકિતઓ-

(૧) રાજ્ય સરકાર દ્વારા નિભાવાતી કોઈ હોસ્પિટલ ન હોય તેવે સ્થળે, નગરપાલિકા અથવા પંચાયત દ્વારા નિભાવાતી કોઈ હોસ્પિટલમાં આવી સગવડ, તબીબી ઉપચાર અથવા સારવાર માટે હકદાર રહેશે, અને

[2][(૨) કોઈ સ્થળે રાજ્ય સરકાર દ્વારા નિભાવાતી કોઈ હોસ્પિટલ હોય તે છતાં, જે હોસ્પિટલ અથવા દવાખાનામાં સારવાર લેવામાં આવી હોય તેના અધિકૃત તબીબી એટેન્ડન્ટ માંદગીની ગંભીર પરિસ્થિતિ હોવાનું અથવા તાત્કાલિક સારવાર જરૂરી હોવાનું પ્રમાણિત કરે તો, મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા, પંચાયત દ્વારા નિભાવાતી હોય તેવી હોસ્પિટલોમાં અથવા રાજ્ય સરકાર પાસેથી સહાય મેળવતી હોસ્પિટલો અને દવાખાનામાં આવી સગવડ, તબીબી સારવાર અને ઉપચાર લેવા માટે હકદાર રહેશે, અને]

[3][(ખ) કોઈ સભ્ય આ અર્થે કલમ-૧૦ હેઠળ કરવામાં આવે તેવા નિયમોને આધિન રહીને, તેણે અથવા તેના કુટુંબના તેની સાથે રહેતા અને તેના ઉપર આધારિત કોઈ સભ્યે કરાવેલ ઉપચાર અથવા લીધેલ સારવાર બાબતમાં :-

(૧) ઉપર્યુકત પરંતુક (ક)(૨)માં જણાવેલ હોસ્પિટલના અધિકૃત તબીબી એટેન્ડન્ટ પાસેથી અથવા

---

૧. સન ૧૯૭૦ ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૬ની કલમ-૨(૧)થી પેટા -કલમ ૫ ને બદલે પેટા કલમો (૫) અને (૬) મૂકવામાં આવી હતી.

૨. સન ૧૯૯૨ ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૬ની કલમ-૨ હેઠળની અનુસૂચિના ક્રમાંક-૧ ની બાબત ક્રમાંક-૪ થી આ પેટા કલમ બદલવામાં આવી હતી.

૩. સન ૧૯૯૨ ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૬ની કલમ-૨ હેઠળની અનુસૂચિના ક્રમાંક-૧ ની બાબત ક્રમાંક-૪ થી આ પેટા કલમ બદલવામાં આવી હતી.

(૨)(ક) જે સ્થળે રાજ્ય સરકાર, મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા નગરપાલિકા અથવા પંચાયત દ્વારા નિભાવાતી કોઈ હોસ્પિટલ અથવા રાજ્ય સરકાર પાસેથી સહાય લેતી હોસ્પિટલ કે ડિસ્પેન્સરી ન હોય ત્યાં અથવા (ખ) ગુજરાત રાજ્યની બહાર ભારતના કોઈપણ ભાગમાં રજિસ્ટર થયેલા તબીબી વ્યવસાયી પાસેથી આવા તબીબી ઉપચાર કે સારવાર બદલ તેણે ચૂકવેલ કોઈ રકમ અંગેના પ્રમાણપત્ર અને બિલો રજૂ કરે તો રાજ્ય સરકાર પાસેથી આવા તબીબી ઉપચાર અને સારવારનું ખર્ચ મજરે લેવાને તે હકદાર થશે.]

[૧][ * * * * * ]

[૨][(૫-ક) દરેક સભ્યને દર મહિને એવા સભ્ય તરીકે તે જે કંઈ [૩][ટપાલ અને લેખન સામગ્રી ખર્ચ] કરે તેને પહોંચી વળવા માટે રૂ.[૪] [ ૩૦૦૦ ] ની રકમ આપવામાં આવશે.]

(૬) કોઈ સભ્ય, નિયમો કે હુકમોથી નકકી કરવામાં આવે તેવી બીજી સગવડો માટે હકદાર થશે.

**સ્પષ્ટીકરણ :-** [૫][(૧)] આ કલમમાં ‘‘નિયમો’’ અને ‘‘હુકમો’’ એટલે અનુક્રમે કલમ ૧૦ મુજબ કરેલા નિયમો અથવા હુકમો.

[૫][**સ્પષ્ટીકરણ :-**(૨) આ કલમના હેતુઓ માટે ‘‘કુટુંબનો સભ્ય’’ એટલે પતિ, પત્ની, પુત્ર, પુત્રી, માતા, પિતા, ભાઈ કે બહેન.]

---

૧. સન ૧૯૯૨ ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૬ની કલમ-૨ હેઠળની અનુસૂચિના-૧ની બાબત ક્રમાંક-૪ થી બીજો પરંતુક રદ કરવામાં આવ્યો હતો.

૨. સન ૧૯૬૫ ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૧ની કલમ-૬ થી અધિનિયમ કલમ-૮ પછી આ કલમ ઉમેરવામાં આવી હતી.

૩. સન ૧૯૯૮ ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૦ની કલમ-૨ હેઠળની અનુસૂચિની બાબત ક્રમાંકઃ ૮ થી ‘‘ટપાલ ખર્ચ’’ શબ્દોને બદલે આ શબ્દો મૂકવામાં આવ્યા હતાં.

૪. સન ૨૦૦૫ ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૩ની કલમ-૨ની બાબત ૪ ની પેટા - કલમ - ૨ થી ‘‘ ૧૬૦૦’’ આંકડાને બદલે આ આંકડા મૂકવામાં આવ્યા હતા.

૫. સન ૧૯૭૦ ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૬ની કલમ-૨ (૨) થી આ સ્પષ્ટીકરણ (૧) એવો નંબર આપવામાં આવ્યો હતો અને સ્પષ્ટીકરણ (૨) ઉમેરવામાં આવ્યું હતું.

[1][૮-ક. **સભ્ય પાસેથી લેણી નીકળતી રકમ વસૂલ કરવાની રીત.** કલમ-૮ મુજબ કોઈપણ સભ્યને પૂરી પાડેલી સુખસગવડ માટે તેની પાસેથી રાજ્ય સરકારની લેણી નીકળતી કોઈ રકમ તે સભ્યે ભરી ન હોય તો સદરહુ રકમ આ અધિનિયમ મુજબ તેને મળી શકતા તેના પગાર અથવા બીજા ભથ્થાંની રકમમાંથી કાપી લઈને, તેની પાસેથી વસૂલ કરી શકાશે.]

[2][૯. **મંત્રીઓ, નાયબ મંત્રીઓ, અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, [3][વિરોધપક્ષના નેતા,] પગારદાર સંસદીય સચિવો અથવા સરકારના મુખ્ય દંડક આ અધિનિયમ અન્વયે પગાર અને ભથ્થાં મેળવવાને હકદાર થશે નહીં.** - આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં કોઈ મંત્રી અથવા નાયબ મંત્રી, અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ, [3][વિરોધપક્ષના નેતા,] પગારદાર સંસદીય સચિવ અથવા સરકારના મુખ્ય દંડક વિધાનસભાના સભ્ય છે, તે હકીકતને કારણે આવા મંત્રી, નાયબ મંત્રી, અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, [3][વિરોધપક્ષના નેતા,] પગારદાર સંસદીય સચિવ અથવા સરકારના મુખ્ય દંડક આ અધિનિયમ હેઠળ કોઈ પગાર ભથ્થાં અથવા રહેઠાણની સુવિધાના પ્રબંધ માટે હકદાર રહેશે નહિ.]

**૧૦. નિયમો અને આદેશો ઘડવાનો અધિકાર.** (૧) (અ) આ કલમ અન્વયે નિયમો અથવા આદેશો ઘડવાના હેતુ સારૂ, અધ્યક્ષે સભામાંથી નિમેલ દસ સભ્યોની બનેલી સમિતિ રચવી. સમિતિના પ્રમુખની અધ્યક્ષે તેના સભ્યોમાંથી નિયુકિત કરવી.

(બ) ખંડ (અ) અન્વયે રચેલી સમિતિને તેની કાર્યરીતિનું નિયમન કરવાનો અધિકાર રહેશે.

(ક) સમિતિના સભ્યે તેની નિમણૂંકની તારીખથી એક વર્ષ માટે આવા સભ્ય તરીકે પદ ધારણ કરવું અને સમિતિમાંની કોઈપણ નૈમિત્તિક રિકતતા અધ્યક્ષ દ્વારા નિમણૂંકથી પૂરી શકાશે.

---

૧. સન ૧૯૬૫ ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૧ની કલમ-૬ થી કલમ-૮ ક ઉમેરવામાં આવી હતી.

૨. સન ૧૯૯૨ ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૬ની કલમ-૨માં જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે અનુસૂચિના ક્રમાંક-૧ ની બાબત ૫ થી મૂળ કલમને બદલે આ કલમ મૂકવામાં આવી હતી.

૩. સન ૧૯૯૮ ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૦ ની કલમ-૨ હેઠળની અનુસૂચિની બાબત ક્રમાંકઃ ૯ થી આ શબ્દો દાખલ કરવામાં આવ્યા હતા.

(ડ) ખંડ (અ) અન્વયે રચેલી સમિતિ, રાજ્યની સરકાર સાથે વિચાર વિનિમય કરીને આ અધિનિયમના હેતુઓ પાર પાડવા સારૂ નિયમો અથવા આદેશો ઘડી શકશે.

(ઈ) ખંડ (ડ) અન્વયે ઘડેલા કોઈપણ નિયમો અથવા આદેશો અધ્યક્ષે મંજૂર કરવા અને બહાલ રાખવા અને તે રાજપત્રમાં પ્રસિધ્ધ કરવા, અને નિયમો અથવા આદેશોની આવી પ્રસિધ્ધિ તે યોગ્ય રીતે કરવામાં આવ્યા છે તેનો નિર્ણાયક પૂરાવો ગણાશે.

(૧-અ) પેટા-કલમ (૧) અન્વયે સમિતિ રચવામાં આવે ત્યાં સુધી રાજ્યની સરકાર અધ્યક્ષ સાથે વિચાર વિનિમય કરીને, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો અથવા આદેશો ઘડી શકશે અને તેવી રીતે કરેલો કોઈપણ નિયમ અથવા આદેશ પેટા-કલમ (૧) અન્વયે સમિતિએ ઘડેલા કોઈપણ નિયમ અથવા આદેશથી રદ કરવામાં આવે ત્યાં સુધી અમલમાં ચાલુ રહેશે.

(૨) આ કલમ અન્વયે ઘડેલો કોઈપણ નિયમ અથવા આદેશ સન ૧૯૬૦ના મે મહિનાની ૧લી તારીખ કરતાં વહેલી ન હોય, તેવી કોઈપણ પાછલી તારીખથી તે અમલમાં આવે એવી રીતે કરી શકાશે.

(૩) આ કલમ અન્વયે ઘડેલા નિયમો અથવા આદેશોનો જાણે કે તે આ અધિનિયમમાં અધિનિયમિત કર્યો હોય તેમ અમલ થશે.

**૧૧. સન ૧૯૬૦નો ગુજરાતનો અધ્યાદેશ ક્રમાંક ૩જો અને સન ૧૯૬૦નો અધ્યાદેશ ક્રમાંક ૧૦મો રદ કરવા બાબત.** સન ૧૯૬૦નો ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર તથા ભથ્થાં બાબતનો અધ્યાદેશ અને સન ૧૯૬૦નો ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર તથા ભથ્થાં બાબતનો (સંશોધન) અધ્યાદેશ આથી રદ કર્યો છે અને સન ૧૯૦૪ના મુંબઈ સાધારણ પરિભાષા અધિનિયમની કલમો-૭ અને ૨૫ના ઉપબંધો આવી રીતે રદ કરેલા અધ્યાદેશોને જાણે કે, તે અધ્યાદેશો અધિનિયમિત હોય તેમ લાગુ પડશે.

# સન ૧૯૬૦ના ગુજરાત વિધાનસભાના સભ્યોના (ભથ્થાં) બાબતના નિયમો

સન ૧૯૬૦ના ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર તથા ભથ્થાં બાબતના અધ્યાદેશ [1][સન ૧૯૬૦ના ગુજરાત અધ્યાદેશ ક્રમાંક-૩જા] ની કલમ ૧૦ની પેટા-કલમ (૧-અ)થી મળેલા અધિકારો અન્વયે ગુજરાત સરકારે અધ્યક્ષ સાથે મંત્રણા કરીને આથી નીચેના નિયમો કર્યાં છે, એટલે કે :-

૧. **ટૂંકી સંજ્ઞા અને શરૂઆત**--(૧) આ નિયમોને સન ૧૯૬૦ના ગુજરાત વિધાનસભાના સભ્યોના (ભથ્થાં) બાબતના નિયમો કહેવા.

(૨) તે સન ૧૯૬૦ના મે મહિનાની ૧લી તારીખે અમલમાં આવેલા ગણાશે.

૨. **વ્યાખ્યાઓ**--આ નિયમોમાં, સંદર્ભ પરથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય--

(અ) ''દિવસ'' એટલે મધરાતથી શરૂ થતી ચોવીસ કલાકની મુદત.

(બ) ''સભ્ય'' એટલે વિધાનસભાનો સભ્ય, પણ તેમાં મંત્રી, નાયબ મંત્રી, અધ્યક્ષ અથવા પગારદાર સંસદીય સચિવનો સમાવેશ થતો નથી.

[2][(ક) ''અધિનિયમ'' એટલે સન ૧૯૬૦નો ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર અને ભથ્થાં બાબતનો અધિનિયમ.]

(ડ) ''રહેઠાણની મુદત'' એટલે વિધાનસભાના અધિવેશન અથવા સમિતિની બેઠકની શરૂઆતથી શરૂ થતી અને એની સમાપ્તિથી પૂરી થતી જે મુદત દરમિયાન કોઈ સભ્ય અધિવેશન અથવા બેઠકમાં હાજરી આપવા માટે જે જગાએ અધિવેશન અથવા બેઠક ભરવામાં આવી હોય તે જગાએ રહેતો હોય તે મુદત અને તેમાં અધિવેશન અથવા બેઠકની શરૂઆતની તરત જ અગાઉના દિવસનો અને તેની સમાપ્તિ પછી તરતજ આવતા દિવસનો સમાવેશ થાય છે.

---

૧. આ અધ્યાદેશને સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨ ની કલમ ૧૧ ની રૂએ રદ કરવામાં આવ્યો હતો.

૨. આ ખંડ ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૯મી ડિસેમ્બર,૧૯૬૬ની અધિસૂચના ક્રમાંક. ગુવિસ/પી-૧/ ૯૭૭૯ની રૂએ દાખલ કરવામાં આવ્યો હતો.

[1][પરંતુ ગૃહ અનિશ્ચિત મુદત માટે મુલતવી રહે, ત્યારે રહેઠાણની મુદતમાં જે દિવસે ગૃહ અનિશ્ચિત મુદત માટે મુલત્વી રહયું હોય તેની તરત જ પછી આવતા દિવસનો જ સમાવેશ થશે.]

(ઈ) ''કલમ'' એટલે [2][અધિનિયમ ]ની કલમ.

૩. [3][ **દૈનિક ભથ્થું**-(૧) દૈનિક ભથ્થાંના હેતુઓ સારૂં--

(અ) કલમ ૪ હેઠળ રહેઠાણની મુદતની ગણત્રી કરતી વખતે, વિધાનસભાનું અધિવેશન અથવા તો સમિતિની બેઠકના સ્થળે સભ્ય જે દિવસે આવ્યા હોય અને જે દિવસે તેમણે તે સ્થળ છોડયું હોય તે દિવસો પણ ગણવામાં આવશે, અને

(બ) કલમ-૫ ક હેઠળ મુસાફરીના સમયની ગણતરી કરતી વખતે મુસાફરી જે દિવસે શરૂ કરવામાં આવી હોય તે દિવસ અને જે દિવસે પૂરી થઈ હોય તે દિવસ પણ ગણવામાં આવશે.

(૨) અધિવેશન અથવા બેઠક ભરાઈ હોય એવા કોઈપણ દિવસે, સભ્યે તેવા સ્થળે રહેઠાણની મુદત દરમિયાન જો માંદગી સિવાય બીજા કોઈ કારણોસર અધિવેશન અથવા બેઠકમાં હાજરી આપી ન હોય તો તેવા દિવસો માટે દૈનિક ભથ્થું મેળવવા તેઓ હકદાર રહેશે નહિ.]

૪. **સભ્યો કયારે મુસાફરી ભથ્થું મેળવવાને હકદાર છે.**- આ નિયમોની જોગવાઈઓને આધિન રહીને, કોઈપણ સભ્યે, જે સ્થળે વિધાનસભાનું અધિવેશન અથવા સમિતિની બેઠક ભરવામાં આવી હોય તે સ્થળે તેવા અધિવેશન અથવા બેઠકમાં હાજરી આપવાના હેતુ સારૂ તેણે કરેલી પહેલી મુસાફરી માટે અને અધિવેશનની સમાપ્તિ અથવા બેઠક પૂરી થયા પહેલાં અથવા પછી હોય તો પણ તે સ્થળેથી પાછા ફરવાની મુસાફરી માટે હોય તે સિવાય કલમ-૫ અન્વયે મુસાફરી ભથ્થું મેળવવાને હકદાર થશે નહિ.

---

૧. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૧મી માર્ચ.૧૯૭૬ની અધિસૂચના ક્રમાંકઃગુવિસ/પી-૩૭(ક)/૫૭૦૮ ની રૂએ આ પરંતુક ઉમેરવામાં આવ્યો હતો.

૨. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૯મી ડિસેમ્બર.૧૯૬૬ની અધિસૂચના ક્રમાંક. ગુવિસ/પી-૧/૯૭૭૯ ની રૂએ આ શબ્દ ''અધ્યાદેશ'' શબ્દને બદલે દાખલ કરવામાં આવ્યો હતો.

૩. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૯મી નવેમ્બર, ૧૯૬૬ની અધિસૂચના ક્રમાંક : ગુવિસ/પી-૧/૯૩૩૯ ની રૂએ આ નિયમ બદલવામાં આવ્યો હતો.

**૫. મુસાફરી ભથ્થાંનો દર.**-- (૧) આ નિયમોની જોગવાઈઓને આધિન રહીને કોઈપણ સભ્ય કલમ ૫ માં વર્ણવેલી તેણે કરેલી મુસાફરી માટે આમાં હવે પછી ઠરાવેલા વર્ગ અને દરોએ, કલમ ૫ અન્વયે મુસાફરી ભથ્થું લેવાને હકદાર થશે એટલે કે :-

જો મુસાફરી--

(અ) રેલ્વે અથવા સ્ટીમર દ્વારા કરવામાં આવી હોય, તો દર, તેમાં પ્રબંધ કરેલા આ વર્ગના ભાડાથી દોઢ ગણી રકમ જેટલો રહેશે.

[૧][ [૨][(બ) જમીન માર્ગે :-

(૧) પોતાના, ભાડૂતી કે ઉછીના લીધેલા વાહનમાં કરવામાં આવી હોય તો દર, રાજ્ય સરકારના પ્રથમ અથવા દ્વિતીય વર્ગના કર્મચારીઓને વખતોવખત મળવાપાત્ર દર રહેશે, અને

(૨) ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન કોર્પોરેશન, અમદાવાદની સર્વિસ બસમાં તબદીલ ન કરી શકાય તેવા મફત પાસ દ્વારા કરવામાં આવી હોય તો દર, કિલોમીટર દીઠ ૫ પૈસાનો રહેશે.]

(ક) સ્ટીમ લોંચમાં અથવા સ્ટીમર સિવાયના કોઈપણ વહાણમાં દરિયા માર્ગે અથવા નદી માર્ગે કરવામાં આવી હોય તો દર, કિલોમીટર દીઠ [૩][એક રૂપિયો સિતેર] પૈસાનો રહેશે.]]

(૨) (અ) પેટા નિયમ(૧) અન્વયે [૪][ખંડ(બ-અ)માં અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય આપવાનું ભથ્થું ] ટૂંકામાં ટૂંકા રસ્તા માટે ગણવું, એટલે

---

૧. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૩જી ઓકટોબર, ૧૯૬૩ની અધિસૂચના ક્રમાંક : ગુવિસ/પી-૩૦/૩/ ૮૪૮૬ ની રૂએ પેટા નિયમ (૧)ના ખંડ (બ) અને (ક) મૂકવામાં આવ્યા હતા.

૨. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૨ની અધિસૂચના ક્રમાંક : ગવસ-૩૪૬/પી/૧(૧૯)/૩૯૩૭ ની રૂએ પેટા નિયમ (૧)નો ખંડ (બ) મૂકવામાં આવ્યો હતો.

૩. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૭મી ડીસેમ્બર, ૧૯૮૬ની અધિસૂચના ક્રમાંકઃ ગુવિસ/પી-૧(૧૯)/૬/ ૨૨૯/૨૦૯૫૦ ની રૂએ આ શબ્દો દાખલ કરવામાં આવ્યા હતા.

૪. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૯મી નવેમ્બર, ૧૯૬૬ની અધિસૂચના ક્રમાંકઃ ગુવિસ/પી-૧/૯૩૩૯ ની રૂએ આ ભાગ '' આપવાનુ ભથ્થું '' એ શબ્દોને બદલે દાખલ કરવામાં આવ્યો હતો.

કે જે રસ્તે સભ્ય પોતાના નિયત સ્થળે મુસાફરીના સામાન્ય સાધનો દ્વારા વહેલામાં વહેલો પહોંચી શકે તે રસ્તો, એક કરતાં વધારે રસ્તાઓ સરખા ટૂંકા હોય તે પ્રસંગે ભાડું અથવા દર સસ્તામાં સસ્તા રસ્તા માટે ગણવું.

(બ) ટૂંકામાં ટૂંકો રસ્તો કામચલાઉ બંધ કરવામાં આવ્યો હોય તે પ્રસંગે બીજા ટૂંકામાં ટૂંકા રસ્તા માટે ઉપરોકત ભાડા પ્રમાણે અથવા દરે વધારાનું ભથ્થું આપી શકાશે.

[1][(બ-અ) જો કોઈ પ્રસંગે સભ્ય માટે ટૂંકામાં ટૂંકા રસ્તે મુસાફરી કરવાનું સગવડ ભર્યું ન હોય તો તેમને સગવડ પડે તે રસ્તે તેઓ મુસાફરી કરી શકશે અને આવા પ્રસંગે તેમણે જે રસ્તે મુસાફરી કરી હોય તે રસ્તા માટેનું મુસાફરી ભથ્થું આપવામાં આવશે.]

[2][(ક) સભ્યે જે રસ્તે મુસાફરી કરી હોય તે રસ્તો ટૂંકામાં ટૂંકો અથવા ટૂંકામાં ટૂંકો ન હોય તો સગવડ ભર્યો હોવા વિષે તકરાર ઉભી થાય તો તે બાબતમાં અધ્યક્ષશ્રીનો અભિપ્રાય લેવો અને તે પર અધ્યક્ષે આપેલો નિર્ણય આખરી ગણાશે.]

**૬. કોઈપણ સભ્ય અમુક દાખલાઓમાં સમિતિની બેઠકમાં હાજરી આપવા માટે ભથ્થાં મેળવવાને હકકદાર થશે નહિ. :** નિયમો ૩ અને ૪માં ગમે તે મજકૂર હોય તે છતાં કોઈપણ સભ્ય-

(અ) કોઈપણ દિવસે સમિતિની બેઠકમાં હાજરી આપવા માટે, તે દિવસે તે બેઠક જેટલો વખત ચાલે તેની નિદાન અર્ધી મુદત માટે તે આવી બેઠકમાં હાજરી આપે તે સિવાય [3][અધિનિયમ] અન્વયે મુસાફરી ભથ્થું [4][અથવા દૈનિક ભથ્થું ]મેળવવાને,

---

૧. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૯મી નવેમ્બર, ૧૯૬૬ની અધિસૂચના ક્રમાંક : ગુવિસ/ પી-૧ / ૯૩૩૯ ની રૂએ ખંડ (બ-અ), દાખલ કરવામાં આવ્યો હતો.

૨. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૯મી નવેમ્બર, ૧૯૬૬ની અધિસૂચના ક્રમાંકઃ ગુવિસ/પી-૧ / ૯૩૩૯ ની રૂએ ખંડ (ક) મૂકવામાં આવ્યો હતો.

૩. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા. ૧૯મી ડીસેમ્બર, ૧૯૬૬ની અધિસૂચના ક્રમાંક : ગુવિસ/પી-૧/૯૭૭૯ ની રૂએ ''અધ્યાદેશ'' શબ્દને બદલે આ શબ્દ મૂકવામાં આવ્યો હતો.

૪. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૯મી નવેમ્બર, ૧૯૬૬ની અધિસૂચના ક્રમાંકઃ ગુવિસ/પી-૧/૯૩૩૯ ની રૂએ આ શબ્દો '' દૈનિક અથવા વાહન ભથ્થું '' શબ્દોને બદલે મૂકવામાં આવ્યા હતા.

(બ) વિધાનસભાનું અધિવેશન ચાલુ હોય ત્યારે સમિતિની બેઠક બોલાવવામાં આવે તે પ્રસંગે અધિવેશનમાં હાજરી આપવા માટે તેણે કરેલી મુસાફરી સારું તેણે મુસાફરી ભથ્થું લઈ લીધું હોય તો મુસાફરી ભથ્થું મેળવવાને, હકદાર થશે નહિ;

પરંતુ ઉપરોકત મુદત માટે સભામાં હાજર ન રહેવા બદલ સંતોષકારક ખુલાસો આપવામાં આવે તો અધ્યક્ષ ખંડ(અ) અન્વયે ભથ્થાં આપવા માટે મંજૂરી આપી શકાશે.

**૭. સભ્યો અમુક દાખલાઓમાં અધિવેશન દરમ્યાન થયેલી મુસાફરીઓ માટે મુસાફરી ભથ્થું મેળવવાને હકદાર થશે. :** (૧) વિધાનસભાનું અધિવેશન [૧][[૨][બાર દિવસ ] કરતાં વધુ મુદત માટે ભરવામાં આવ્યું હોય તે પ્રસંગે [૨] [બાર દિવસ ]ની આવી મુદત દરમ્યાન જે સભ્યે કુલ જેટલા દિવસ માટે આવી બેઠકો બોલાવવામાં આવી હોય તેના ઓછામાં ઓછા એંસી ટકા દિવસોએ તેમાં હાજરી આપી હોય તે સભ્ય ] જે મતદાર વિભાગમાંથી તે ચૂંટાયો હોય તે મતદાર વિભાગમાંના કોઈપણ સ્થળની અથવા જે સ્થળે તે સામાન્ય રીતે રહેતો હોય અથવા ધંધો ચલાવતો હોય તે સ્થળની મુલાકાત લેવા માટે અને અધિવેશનમાં હાજરી આપવા માટે ત્યાંથી પાછા ફરવા સારૂ તેણે, કરેલી મુસાફરી જો કોઈપણ હોય, તો તે માટે, તેણે આવી રીતે કરેલી મુસાફરી માટે નિયમ-પ અન્વયે, આપી શકાય, તેવા દરે મુસાફરી ભથ્થું મેળવવાને હકદાર થશે.

(૨) પેટા-નિયમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં [૨] [બાર દિવસ ] ની ઉકત મુદત પૂરી થાય તે પહેલાં કોઈપણ સમયે મુસાફરી કરવામાં આવી હોય તે પ્રસંગે, જો સભ્યે ઉકત પેટા નિયમમાં ફરમાવ્યા પ્રમાણે [૧][ આવી મુદત દરમિયાન કુલ જેટલા દિવસોએ આવી બેઠકો બોલાવવામાં આવી હોય તેના ઓછામાં ઓછા એંસી ટકા દિવસોએ તેમાં ] હાજરી આપી હોય અને મુસાફરીની શરૂઆત થયાની તથા [૨] [બાર દિવસ ]ની ઉકત મુદત પૂરી થયાની વચ્ચેના દિવસ અથવા દિવસો, જે અખંડિત મુદત દરમિયાન વિધાનસભાની બેઠક ભરવામાં આવી ન હોય તેવી અખંડિત મુદત ગણાતા હોય તો, આવી મુસાફરી પેટા-નિયમ (૧) ના હેતુ સારૂ ઉકત પેટા નિયમ અનુસાર કરવામાં આવેલ ગણાશે.

---

૧. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા. ૨૬મી ફેબ્રુઆરી,૧૯૮૦ની અધિસૂચના ક્રમાંકઃ પી-૧ (૧૮) / ૨૧૫૯ થી આ શબ્દો દાખલ કરવામાં આવ્યા.

૨. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૫ મી ઓકટોબર, ૧૯૮૧ની અધિસૂચના ક્રમાંકઃ પી-૧ (૧૯)/ ૧૫૬૯૫ થી આ શબ્દો દાખલ કરવામાં આવ્યા.

[1][**સ્પષ્ટીકરણ :** - આ નિયમના હેતુ સારું -

(૧) [2][બાર દિવસ ] નો પહેલો ગાળો એટલે કે વિધાનસભા સત્રના પહેલાં દિવસે અને તે દિવસથી શરૂ થતો ગાળો અને [2] [બાર દિવસ ]ના અન્ય ગાળા એટલે [2] [બાર દિવસ ]ના આવા પહેલાં ગાળા પછી તરતજ આવતા ગાળાઓ.

(૨) જેટલા દિવસોએ બેઠકો મળી હોય તેના એંસી ટકા દિવસોએ સભ્યે હાજરી આપી છે કે નહિ તે નકકી કરવામાં, કોઈપણ દિવસના અડધા દિવસ અથવા તે કરતાં વધારે હોય તેવા ભાગને એક પૂરો દિવસ ગણવો. જયારે અડધા દિવસ કરતાં ઓછો હોય તેવા ભાગને ગણતરીમાં લેવાનો જ નહિ.]

[3][**૮. સભામોકૂફી દરમિયાન ભથ્થાં. :** (૧) વિધાનસભાનું સત્ર અથવા સમિતિની બેઠક અથવા સમિતિના પ્રમુખ તરીકે સભ્યની ફરજ સાથે સંકળાયેલું કામકાજ મુલતવી રહયું હોય તે પ્રસંગે-

(૧) આવી સભામોકૂફીનો ગાળો ચાર દિવસ કરતાં વધારે ન હોય ત્યારે કલમ-૪ના પરંતુકના ખંડ (૧) અથવા (૨) સભ્યને લાગુ પડતા હોય કે ન હોય તો પણ જો સભ્ય પ્રસંગ પ્રમાણે, આવા ગાળાની તરત જ પહેલાં કે પછી આવા સત્ર, બેઠક કે કામકાજમાં હાજરી આપે તો તે આવા ગાળાના દરેક દિવસ માટે કલમ-૪માં દર્શાવેલ દરે દૈનિક ભથ્થું મેળવવા હકદાર રહેશે.]

[4][(૨) * * * * ]

[5][(૩) આવી સભામોકૂફીનો ગાળો ચાર દિવસ કરતાં વધારે મુદતનો હોય અને સભ્ય જે સ્થળે સામાન્ય રીતે રહેતાં હોય અથવા તો ધંધો ચલાવતા હોય તે સ્થળની સભામોકૂફી પહેલાં અથવા દરમિયાન કોઈપણ સમયે મુલાકાત લે અને મુલતવી રહેલા

---

૧. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા. ૨૬મી ફેબ્રુઆરી,૧૯૮૦ની અધિસૂચના ક્રમાંકઃ પી-૧ (૧૮) / ૨૧૫૯ થી સ્પષ્ટીકરણ દાખલ કરવામાં આવ્યું.

૨. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા. ૧૫મી ઓક્ટોબર, ૧૯૮૧ની અધિસૂચના ક્રમાંકઃ પી-૧(૧૯)/૧૫૬૯૫ થી આ શબ્દો દાખલ કરવામાં આવ્યા.

૩. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૩મી ઓકટોબર,૧૯૭૨ ની અધિસૂચના ક્રમાંકઃ ૫/ ગુ.વિ.સ/૨૧/પી/ (iii) / ૧૧૬૪૫ થી આ નિયમ દાખલ કરવામાં આવ્યો.

૪. ગુજરાત વિધાનસભા સચિવાલયની અધિસૂચના ક્રમાંક. પી/૧ (૧૯) / ૧૫૬૯૫ તા.૧૫ મી ઓકટોબર,૧૯૮૧ થી નિયમ-૮નો પેટા નિયમ- (૨) રદ કરવામાં આવ્યો.

૫. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૫ મી ઓકટોબર, ૧૯૮૧ ની અધિસૂચના ક્રમાંકઃ પી/૧ (૧૯) / ૧૫૬૯૫ થી નિયમ-૮ના પેટા નિયમ- (૩) ને બદલે નવો પેટા નિયમ (૩) દાખલ કરવામાં આવ્યો.

સત્ર અથવા બેઠક અથવા સમિતિના પ્રમુખ તરીકેની સભ્યની ફરજ સાથે સંકળાયેલા કામકાજમાં હાજરી આપવા માટે કોઈપણ સમયે ત્યાંથી પાછા ફરે ત્યારે પ્રસંગ પ્રમાણે તેમણે કરેલી મુસાફરી માટે નિયમ-૫ અન્વયે મળવાપાત્ર મુસાફરી ભથ્થું તેમને મળી શકશે.]

**૯. મુલતવી રાખવામાં આવેલ હોય તેવા અધિવેશન / સમિતિની બેઠકમાં સભ્યો હાજરી આપે ત્યારે આપી શકાય તેવા ભથ્થાં. :** કોઈપણ સભ્ય અધિવેશનના અથવા સમિતિના બેઠકના સ્થળે આવી પહોંચે અને આવું અધિવેશન અથવા બેઠક ભવિષ્યની તારીખ માટે મુલતવી રહેલ હોય તે પ્રસંગે, જો આવા સભ્યને સભામોકૂફીની સૂચના પૂરતી અગાઉથી ન મળી હોય, તો તે નિયમ-૮ અનુસાર ભથ્થાં લેવાને હકદાર થશે.

[૧][**૧૦. અધિવેશનના થોડાજ દિવસો પહેલાં કે પછી ભરાયેલી સમિતિની બેઠકમાં હાજરી આપવા માટેના ભથ્થાં :** નિયમ-૪માં ગમે તે મજકૂર હોય તે છતાં, -

(૧) જો સમિતિની બેઠક વિધાનસભાનું અધિવેશન શરૂ થયા પહેલાં ચાર કરતાં વધારે નહીં તેટલા દિવસ પહેલાં ભરવામાં આવી હોય અને અધિવેશનની શરૂઆત પહેલાં મુલતવી રહી હોય અથવા સમાપ્ત થઈ હોય તો જેમણે બેઠકમાં હાજરી આપી હોય તે સભ્ય બેઠકની મોકૂફી કે સમાપ્તિ અને અધિવેશનની શરૂઆત વચ્ચેની મુદત દરમિયાન દરેક દિવસ માટે કલમ-૪માં નિર્દિષ્ટ કરેલા દરે દૈનિક ભથ્થું મેળવવા હકદાર રહેશે.

(૨) જો સમિતિની બેઠક વિધાનસભાનું અધિવેશન મુલત્વી રહયા પછી ચાર દિવસ કરતા મોડી ન હોય તે રીતે ભરવામાં આવી હોય તો જેમણે બેઠકમાં હાજરી આપી હોય તે સભ્ય, અધિવેશનની મોકૂફી કે સમાપ્તિ અને બેઠકની શરૂઆત વચ્ચેની મુદત દરમિયાન દરેક દિવસ માટે કલમ-૪માં નિર્દિષ્ટ કરેલા દરે દૈનિક ભથ્થું મેળવવા હકદાર રહેશે.]

---

૧. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૫ મી ઓકટોબર, ૧૯૮૧ ની અધિસૂચના ક્રમાંકઃ પી/૧ (૧૯) / ૧૫૬૯૫ થી નિયમ-૧૦ ને બદલે નવો નિયમ -૧૦ દાખલ કરવામાં આવ્યો.

**૧૧. કોઈપણ દિવસે અધિવેશન અથવા બેઠકમાં હાજરી આપ્યા પછી સભ્ય રાજીનામું આપે અથવા તે સભ્ય હોતો બંધ થાય તો તે દિવસ માટે તે પગાર અને ભથ્થાં મેળવવાને હકદાર થશે. :** સભ્ય વિધાનસભાના અધિવેશન અથવા સમિતિની બેઠકમાં હાજરી આપ્યા પછી તરત જ પોતાની બેઠકનું રાજીનામું આપે અથવા સભ્ય હોતો બંધ થાય તે પ્રસંગે તે, આ નિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, જે દિવસે તે સભ્ય તરીકે રાજીનામું આપે અથવા સભ્ય હોતો બંધ થાય તે દિવસ માટે પોતાનો પગાર [૧][અને દૈનિક ભથ્થું ] અને જે સ્થળે તે સામાન્યતઃ રહેતો હોય અથવા ધંધો ચલાવતો હોય તે સ્થળે પાછા ફરવાની મુસાફરી માટે મુસાફરી ભથ્થું પણ લેવાને હકદાર થશે. જે દિવસે તે સભ્ય તરીકે રાજીનામું આપે અથવા સભ્ય હોતો બંધ થાય તે દિવસ પછી તરત આવતા દિવસે ઓછામાં ઓછા છ કલાક માટે જે સ્થળે અધિવેશન અથવા બેઠક ભરવામાં આવી હોય તે સ્થળે તે રહે તો તે, આવા પછીના દિવસ માટે પણ દૈનિક ભથ્થું મેળવવાને હકદાર થશે.

**૧૨. બીજા નાતાથી ભથ્થું લઈ લેવામાં આવ્યું હોય તો તે લેવું નહિ :** આ નિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં કોઈ સભ્ય સરકારી તિજોરીમાંથી તે જ મુસાફરી [૨][અથવા તે જ રોકાણ માટે] મુસાફરી [૩][અથવા દૈનિક ભથ્થું ] બીજા નાતાથી લીધું હોય તો તેણે આ નિયમો અન્વયે મળવા જોગ મુસાફરી [૪][અથવા દૈનિક ભથ્થું ] લેવું નહિ.

**૧૩. મુસાફરી ભથ્થું અગાઉથી લઈ શકાશે :** (૧) આ નિયમો અન્વયે કોઈ સભ્ય, તેની છેવટની પાછા ફરવાની મુસાફરી માટે અગાઉથી મુસાફરી ભથ્થું લઈ શકશે.

---

૧. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૯ મી નવેમ્બર, ૧૯૬૬ ની અધિસૂચના ક્રમાંકઃ ગુ.વિ.સ/ પી/૧ / ૯૩૩૯ની રૂએ " દૈનિક અને વાહન ભથ્થું " શબ્દોને બદલે આ શબ્દો મુકવામાં આવ્યા હતા.

૨. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૯ મી નવેમ્બર, ૧૯૬૬ ની અધિસૂચના ક્રમાંકઃ ગુ.વિ.સ/ પી/૧ / ૯૩૩૯ની રૂએ " તે જ રોકાણ અથવા તે જ હાજરી " શબ્દોને બદલે " અથવા તે જ રોકાણ " શબ્દો મુકવામાં આવ્યા હતા.

૩. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૯ મી નવેમ્બર, ૧૯૬૬ ની અધિસૂચના ક્રમાંકઃ ગુ.વિ.સ/ પી /૧ / ૯૩૩૯ ની રૂએ " દૈનિક અથવા પ્રસંગ પ્રમાણે વાહન ભથ્થું " શબ્દોને બદલે "અથવા દૈનિક ભથ્થું" શબ્દો મુકવામાં આવ્યા હતા.

૪. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૯ મી નવેમ્બર, ૧૯૬૬ ની અધિસૂચના ક્રમાંકઃ ગુ.વિ.સ/ પી /૧ / ૯૩૩૯ ની રૂએ "દૈનિક અથવા વાહન ભથ્થું" શબ્દોને બદલે "અથવા દૈનિક ભથ્થું" શબ્દો મુકવામાં આવ્યા હતા.

[1][(૨)(અ) લોકસભા સચિવાલયે અથવા બીજા કોઈપણ રાજય વિધાનમંડળે ભારતમાંના કોઈપણ સ્થળે યોજેલી પરિષદમાં હાજરી આપવા કરવાની મુસાફરી માટે કોઈપણ સમિતિના પ્રમુખ મુસાફરી ભથ્થું અગાઉથી ઉપાડી શકશે.

(બ) કોઈપણ સમિતિના પ્રમુખ કે તેના કોઈપણ સભ્યે, તેમની ફરજ બજાવવામાં ભારતના કોઈપણ ભાગમાં અભ્યાસ પ્રવાસ માટે મુસાફરી કરવી હોય તો તે માટે તેઓ મુસાફરી ભથ્થું અગાઉથી ઉપાડી શકશે.

પરંતુ એમ ઠરાવ્યું છે કે પેટા-નિયમ (૧) અન્વયે કોઈ સભ્ય અથવા નિયમ (૨) અન્વયે કોઈ સમિતિના પ્રમુખે અથવા તેના કોઈ સભ્યે મુસાફરી ભથ્થું અગાઉથી ઉપાડયું હોય તો તેવા સભ્યે અથવા પ્રસંગોપાત સમિતિના પ્રમુખ કે તેના સભ્યે આ નિયમ અન્વયે અગાઉથી ઉપાડેલી રકમનો બરાબર હિસાબ કરી શકાય તે સારૂ તેમને લેવાની થતી મુસાફરી ભથ્થાંની રકમનું વિગતવાર બીલ એક મહિનાની અંદર આપી દેવું.]

**૧૪. દૈનિક ભથ્થું અગાઉથી નહિ આપવા બાબત.**- કોઈપણ સભ્યને અગાઉથી દૈનિક [2] [ * ] ભથ્થું આપવું નહિ.

**૧૫. બિલોનું ઓડીટ, હિસાબ, તપાસણી.**-- (૧)(અ) મુસાફરી [3][અથવા દૈનિક ભથ્થાંની] માંગણી કરનાર સભ્યે આ નિયમો સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા અને તેમની માંગણીને લાગુ પડતા હોય તેવા નમૂનામાંના એક અથવા વધારે પ્રમાણપત્રોના શેરા સાથે તે બિલ ગુજરાત વિધાનસભા સચિવાલયને મોકલવું.

(બ) ગુજરાત વિધાનસભાના સચિવ અથવા તેમણે અધિકૃત કરેલા કોઈ અધિકારીએ-

---

૧. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૨૬ મી ફેબ્રુઆરી, ૧૯૮૦ ની અધિસૂચના ક્રમાંકઃ પી /૧ /(૧૮) /૧૧૫૯ થી નિયમ-૧૩ ને નિયમ- ૧૩ (૧) તરીકે નંબર આપવામાં આવ્યો અને પેટા નિયમ (૨) દાખલ કર્યો.

૨. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૯ મી નવેમ્બર, ૧૯૬૬ ની અધિસૂચના ક્રમાંકઃ ગુ.વિ.સ/ પી /૧ /૯૩૩૯ ની રૂએ, ''અથવા વાહન'' શબ્દો કાઢી નાખવામાં આવ્યા હતા.

૩. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૯ મી નવેમ્બર, ૧૯૬૬ ની અધિસૂચના ક્રમાંકઃ ગુ.વિ.સ/ પી /૧ / ૯૩૩૯ ની રૂએ , ''દૈનિક અથવા વાહન ભથ્થા'' શબ્દોને બદલે આ શબ્દો મૂકવામાં આવ્યા હતા.

(૧) તેના પર પ્રતિહસ્તાક્ષર કરીને ચેકથી ચૂકવણી કરવી, અને

(૨) લખેલા ચેકોનો હિસાબ, પાછળથી ઓડિટ કરવા માટે, ચૂકવણીના વાઉચર સહિત, પે એન્ડ એકાઉન્ટસ ઓફિસરને મોકલી આપવો.

(૨) ગુજરાત વિધાનસભા સચિવાલય તરફથી ચૂકવાયેલા બીલો પે એન્ડ એકાઉન્ટસ ઓફિસરને મળે એટલે તેમણે તેની પૂરેપૂરી તપાસણી કરીને હિસાબોમાં તડજોડ કરવી.

[૧][**૧૬. ટેલિફોનની સગવડ :** વિધાનસભાના અધિવેશન તેમજ વિધાનસભાની હદમાં ભરાયેલી સમિતિની બેઠક દરમિયાન વિધાનસભા ગૃહની નજીક રાખવામાં આવેલ ટેલિફોન પરથી સભ્ય ''સ્થાનિક કોલ'' વિનામૂલ્યે કરવા માટે હકદાર છે.]

---

૧. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૯ મી નવેમ્બર, ૧૯૬૬ ની અધિસૂચના ક્રમાંકઃ ગુ.વિ.સ/ પી /૧ / ૯૩૩૯ ની રૂએ , નિયમ ૧૬ નવેસરથી દાખલ કરવામાં આવ્યો હતો.

# અનુસૂચિ

(જુઓ નિયમ ૧૫)

## નમૂનો--૧

(જુઓ કલમ ૪નો પરંતુક)

પ્રમાણપત્ર આપવામાં આવે છે કે મેં .......................... શરૂ થતી અને .................................. પૂરી થતી અધિવેશન અથવા બેઠક બંધ રહયાની મુદત દરમિયાન આવા અધિવેશન અથવા બેઠકનું સ્થળ છોડયું નથી અને તે માટે કલમ-૪ના પરંતુક અન્વયે દૈનિક ભથ્થું માગ્યું છે.

-------

## નમૂનો - ૨

(જુઓ કલમ ૫નો પરંતુક)

પ્રમાણપત્ર આપવામાં આવે છે કે હું ..........................................................* મધ્યે સામાન્ય રીતે રહેતો નથી અથવા ધંધો ચલાવતો નથી.

પ્રમાણપત્ર આપવામાં આવે છે કે જેટલે સુધી હું ખાતરી કરી શકયો છું તેટલે સુધી જમીન, દરીયાઈ અથવા નદી માર્ગે મુસાફરી કરેલ અંતરો સાચા છે.

----------

*સ્થળનું નામ ભરવાનું છે.

## નમૂનો - ૩

(જુઓ નિયમ - (૩))

પ્રમાણપત્ર આપવામાં આવે છે કે જે દિવસ / દિવસો માટે દૈનિક ભથ્થું માગ્યું છે તે દિવસે / દિવસોએ વિધાનસભાની બેઠકોમાં મેં હાજરી આપી છે / બેઠકોમાં માંદગીને અંગે [૧][. . . . . . .] હું હાજર રહી શકયો નથી.

પ્રમાણપત્ર આપવામાં આવે છે કે પાછળ જણાવ્યા પ્રમાણેના દિવસો પૈકી જે દરેક દિવસ માટે દૈનિક ભથ્થું વિધાનસભાની બેઠકમાં / સમિતિની બેઠકમાં હાજરી આપવાના હેતુ સારૂ માંગવામાં આવ્યું છે તે દિવસે [૨][. . . . . . .] હું ર[illegible]ા હતો.

## નમૂનો-૪

(જુઓ નિયમ ૫(૧) (બ) (૧) અને કલમ ૫)

પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ભાડુતી વાહનમાં જમીન માર્ગે જે મુસાફરી કરવામાં આવી હતી તે મુસાફરીના સંબંધમાં જમીન માર્ગની મુસાફરી માટે માંગેલ ભથ્થું વાહન ભાડે રાખવા માટે મને થયેલ ખરેખરા ખર્ચ કરતાં વધતું નથી.

-------

---

૧. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૯મી નવેમ્બર,૧૯૬૬ની અધિસૂચના ક્રમાંકઃગુ.વિ.સ-પી/૧/૯૩૩૯ની રૂએ, ‘‘અથવા સ્થળ છેવટનું છોડી જવાને અંગે’’ શબ્દો રદ કરવામાં આવ્યા હતા.

૨. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૯મી નવેમ્બર,૧૯૬૬ની અધિસૂચના ક્રમાંકઃગુ.વિ.સ-પી/૧/૯૩૩૯ની રૂએ, ‘‘ઓછામાં ઓછા છ કલાક સુધી ’’ શબ્દો રદ કરવામાં આવ્યા હતા.

## નમૂનો-૫

(જુઓ નિયમ ૬)

પ્રમાણપત્ર આપવામાં આવે છે કે સમિતિની જે બેઠક અથવા બેઠકોના સંબંધમાં મુસાફરી ભથ્થું [1][અથવા દૈનિક ભથ્થું ]માંગવામાં આવ્યું છે તે બેઠક અથવા બેઠકોમાં તે દિવસે / દિવસો પૈકી દરેક દિવસે તે બેઠક જેટલો વખત ચાલે તેની નિદાન અડધી મુદત સુધી મેં હાજરી આપી હતી.

-------

## નમૂનો-૬

(જુઓ નિયમ ૭, ૮ તથા ૧૦)

પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, જે મુસાફરી માટે મેં નિયમ ૭, ૮, ૧૦ અન્વયે મુસાફરી ભથ્થું માગ્યું છે, તે મુસાફરી મેં ખરેખર કરી છે.

-------

## નમૂનો-૭

(જુઓ નિયમ ૮ અને ૧૦)

પ્રમાણપત્ર આપવામાં આવે છે ......................................................... શરૂ થતી અને ..................................................................પૂરી થતી જે મુદત માટે દૈનિક ભથ્થું મેં નિયમ ૮/૧૦ તથા નિયમ ૩ અન્વયે માગ્યું છે તે મુદત દરમિયાન [2][ ] ..................................................માં હું ર□ા હતો.

-------

૧. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૯મી નવેમ્બર,૧૯૬૬ની અધિસૂચના ક્રમાંકઃ ગુ.વિ.સ-પી/૧/૯૩૩૯ની રૂએ, ''દૈનિક ભથ્થું અને વાહન ભથ્થું'' શબ્દોને બદલે '' અથવા દૈનિક ભથ્થું '' શબ્દો મૂકવામાં આવ્યા હતા.

૨. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૯મી નવેમ્બર,૧૯૬૬ની અધિસૂચના ક્રમાંકઃ ગુ.વિ.સ-પી/૧/૯૩૩૯ની રૂએ, '' ઓછામાં ઓછા છ કલાક સુધી '' શબ્દો રદ કરવામાં આવ્યા હતા.

-------

# નમૂનો-૮

(જુઓ નિયમ ૧૨)

પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, મેં આ પહેલાં આજ મુસાફરી માટે [1][અથવા આજ રોકાણ માટે દૈનિક ભથ્થું ] બીજા નાતાથી લીધું નથી.

---

૧. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૯મી નવેમ્બર,૧૯૬૬ની અધિસૂચના ક્રમાંકઃ ગુ.વિ.સ-પી/૧/૯૩૩૯ની રૂએ, ‘‘ આજ રોકાણ માટે દૈનિક ભથ્થું અથવા આજ હાજરીમાંથી વાહન ભથ્થું ’’ શબ્દોને બદલે આ શબ્દો મૂકવામાં આવ્યા હતા.

## સન ૧૯૬૦ના ગુજરાત વિધાનસભાના સભ્યોને (માર્ગ વાહનવ્યવહાર સેવા દ્વારા મફત પ્રવાસ કરવા દેવા) બાબતના નિયમો.

સન ૧૯૬૦ના ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર તથા ભથ્થાં બાબતના અધ્યાદેશની કલમ ૬ અને કલમ ૧૦ની પેટા કલમ (૧)(અ)થી મળેલા અધિકારો અન્વયે ગુજરાત સરકારે અધ્યક્ષ સાથે વિચાર વિનિમય ચલાવ્યા પછી આથી નીચેના નિયમો કર્યા છે એટલે કે :-

૧. (૧) આ નિયમોને, સન ૧૯૬૦ના ગુજરાત વિધાનસભાના સભ્યોને (માર્ગ વાહનવ્યવહાર સેવા દ્વારા મફત પ્રવાસ કરવા દેવા) બાબતના નિયમો કહેવા.

(૨) તે સન ૧૯૬૦ના મે મહિનાની પહેલી તારીખે અમલમાં આવેલા ગણાશે.

[૧][[ ૧-ક. આ નિયમમાં સંદર્ભ પરથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય--

(ક) [૨] **[સહયાત્રીઓ]** એટલે સભ્યની સાથે મુસાફરી કરી રહેલા તેમના પત્ની/પતિ [3] **[અને]** તેમની સાથે રહેતા હોય અને તેમના આશ્રિત હોય એવા કુટુંબના [3] **[બીજા બે સભ્યો]**

(ખ) ‘‘સભ્ય’’ એટલે વિધાનસભાના સભ્ય.]

---

૧. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૫ મી ઓકટોબર,૧૯૮૧ની અધિસૂચના ક્રમાંક : પી/૧(૧૯)/૧૫૬૯૨ થી નિયમ -૧ પછી નવો નિયમ -૧ -ક દાખલ કરવામાં આવ્યો.

૨. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૨૭ મી મે,૧૯૯૯ની અધિસૂચના ક્રમાંક : પી/૧(૨૩)/૫૩૭ થી ‘‘ સહયાત્રી’’ શબ્દને બદલે આ શબ્દો મૂકવામાં આવ્યા હતા.

૩. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૨૭ મી મે,૧૯૯૯ની અધિસૂચના ક્રમાંક : પી/૧(૨૩)/૫૩૭ થી ‘‘ અગર’’ શબ્દને બદલે ‘‘અને’’ તથા ‘‘બીજા કોઈ એક સભ્ય’’ ને બદલે ‘‘બીજા બે સભ્યો‘‘ શબ્દો મૂકવામાં આવ્યાં હતા.

૨. આ નિયમોના ઉપબંધોને આધિન રહીને, ગુજરાત વિધાનસભાના દરેક [1][સભ્ય, ઓળખપત્ર રજૂ કર્યેથી] ગુજરાત રાજય વાહનવ્યવહાર મંડળ અમદાવાદની બસોમાં [2][લકઝરી બસો સહિત] [3][[ અને ગુજરાત રાજયની હદમાં ફરતી બીજા કોઈપણ રાજયના માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશનની બસોમાં [4][તેઓ] એકલા અગર તો [4][બે સહયાત્રીઓ] સાથે મફત મુસાફરી કરવા માટે [4][હકકદાર બનશે.]]

[5][ ૩ * * * * * ]

[6][ ૪ * * * * * ]

૫. કોઈ સભ્ય, તેને કાઢી આપવામાં આવેલ ઓળખપત્ર [7][* *] જયારે બસ કંડકટર અથવા આ અર્થે યોગ્ય રીતે અધિકૃત કરેલા ઉપક્રમનો બીજો કોઈપણ અધિકારી માગે ત્યારે તે રજૂ કરવા.

---

૧. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા. ૨૭મી મે, ૧૯૯૯ની અધિસૂચના ક્રમાંક : પી/૧(૨૩)/૫૩૭ થી સભ્યને પરિશિષ્ટ ''અ'' માંના નમૂના પ્રમાણે તબદીલ ન કરી શકાય એવો એક પાસ આપવામાં આવશે તે પાસ'' એ શબ્દોને બદલે આ શબ્દો મૂકવામાં આવ્યા હતા.

૨. (લકઝરી બસો સહિત) એવા શબ્દો અને કૌંસ ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૬ઠ્ઠી, ફેબ્રુઆરી, ૧૯૬૮ની અધિસૂચના ક્રમાંક : ગુ.વિ.સ/ પી/૧(૫)/૧૮૩૦ની રૂએ દાખલ કરવામાં આવ્યા હતા.

૩. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા. ૧લી નવેમ્બર ૧૯૬૯ની અધિસૂચના ક્રમાંકઃ ગુ.વિ.સ./ પી/૧(૯)/૧૭૧૭૬ની રૂએ આ શબ્દો દાખલ કરવામાં આવ્યા હતા.

૪. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૨૭મી મે,૧૯૯૯ની અધિસૂચના ક્રમાંકઃ પી/૧(૨૩)/૫૩૭ થી ''તેમને'' શબ્દને બદલે ''તેઓ'' શબ્દ, ''હકદાર બનાવશે'' તે શબ્દોને બદલે ''હકદાર બનશે'' શબ્દો તથા ''એક સહયાત્રી'' શબ્દોને બદલે ''બે સહયાત્રીઓ'' શબ્દો મૂકવામાં આવ્યા હતા.

૫. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૯મી ડીસેમ્બર, ૧૯૬૬ ની અધિસૂચના ક્રમાંકઃ પી/૨/ ૯૭૮૦ થી ''નિયમ- ૩'' રદ કર્યો.

૬. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા. ૨૭મી મે, ૧૯૯૯ ની અધિસૂચના ક્રમાંક.પી/૧(૨૩) /૫૩૭થી નિયમ-૪ રદ કર્યો.

૭. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા. ૨૭મી મે, ૧૯૯૯ ની અધિસૂચના ક્રમાંક.પી/૧(૨૩) /૫૩૭થી ''અને પાસ'' શબ્દો રદ કરવામાં આવ્યા હતા.

**સ્પષ્ટીકરણ :** ''ઓળખપત્ર'' એટલે ગુજરાત વિધાનસભા સચિવાલયના સચિવે સભ્યને કાઢી આપેલું ઓળખપત્ર.

૬. (૧) જયાં બસમાં એક કરતાં વધુ વર્ગ હોય ત્યાં સભ્ય એકલા અગર તો [૧] [બે સહયાત્રીઓ ] સાથે કોઈપણ વર્ગમાં મુસાફરી કરી શકશે.

[૨] [ * * * * * ]

(૨) પોતાને માટે અગર તો પોતાને તેમજ [૧] [બે સહયાત્રીઓ] ને માટે બેઠક કે બેઠકો અનામત રખાવવા ઈચ્છતા કોઈ સભ્ય, અનામત રાખવા માટે નકકી કરેલા દરો ભર્યેથી તે કરી શકશે.

૭. [૩][[સભ્ય અગરતો [૪] [સહયાત્રીઓ] તેઓ] જે વર્ગમાં મુસાફરી કરતા હોય તે વર્ગમાં જેટલો સામાન મફત લઈ જવા દેવામાં આવતો હોય તેટલો સામાન મફત લઈ જવા માટે હકકદાર રહેશે અને [૩][સભ્ય અગર તો [૪] [સહયાત્રીઓ] તેઓ ] પાસે કાંઈપણ વધારાનો સામાન હોય તો તેને માટે સંબંધ ધરાવતા ઉપક્રમોને અર્થે નકકી કરેલા દર પ્રમાણે પૈસા ભરવા પડશે.

૮. આ નિયમો અન્વયે [૫] [આપવામાં આવેલ ઓળખપત્ર તે ધારણ કરનાર] શખ્સ વિધાનસભાનો સભ્ય તરીકે ચાલુ રહે ત્યાં સુધી જ માત્ર માન્ય ગણાશે.

---

૧. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૨૭-૫-૯૯ની અધિસૂચના ક્રમાંકઃ પી/૧૮૨૩/ ૫૩૭ થી બે જગ્યાએ આવતા ''એક સહયાત્રી'' એ શબ્દોને બદલે ''બે સહયાત્રીઓ'' શબ્દો મૂકવામાં આવ્યા હતા.

૨ . નિયમ-૬ના પેટા નિયમ-(૧) હેઠળનો પરંતુક ગુજરાત વિધાનસભા સચિવાલયની તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૧૯૬૮ ની અધિસૂચના ક્રમાંકઃ પી/૧(૫) /૧૮૩૦ ની રૂએ રદ કરવામાં આવ્યો હતો.

૩ . '' સભ્ય અગર તો સહયાત્રી તેઓ '' આ શબ્દો ગુજરાત વિધાનસભા સચિવાલયની તા. ૧૫મી ઓકટોબર, ૧૯૮૧ની અધિસૂચના ક્રમાંકઃ પી/૧(૧૯) /૧૫૬૯૨થી દાખલ કરવામાં આવ્યા.

૪. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા. ૨૭મી મે, ૧૯૯૯ની અધિસૂચના ક્રમાંકઃ પી/૧૮૨૩ /૫૩૭થી '' સહયાત્રી '' એ શબ્દોને બદલે ''સહયાત્રીઓ'' શબ્દો દાખલ કરવામાં આવ્યા હતા.

૫. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા. ૨૭મી મે, ૧૯૯૯ની અધિસૂચના ક્રમાંકઃ પી/૧૮૨૩/૫૩૭થી ''આપવામાં આવેલ મફત પાસ તે પાસનો ધારણ કરનાર'' એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કરવામાં આવ્યા હતા.

# સન ૧૯૬૪ના ગુજરાત વિધાનસભાના સભ્યો (ને તબીબી સંભાળ) બાબતના નિયમો.

સન ૧૯૬૦ના ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર અને ભથ્થાં બાબતના (સન ૧૯૬૦ના બીજા) અધિનિયમની કલમ-૧૦ની પેટા કલમ-૧ (અ) અન્વયે રચવામાં આવેલી સમિતિએ કલમ ૮ની સાથે વાંચતા કલમ-૧૦ની પેટા કલમ-૧ (ડી) અન્વયે તેને આપવામાં આવેલ અધિકાર ચલાવીને તેમજ સરકાર સાથે મંત્રણા કર્યા બાદ નીચેના નિયમો ઘડયા છે જેને, કલમ-૧૦ની પેટા કલમ-૧ (ઈ) અન્વયે લેવી જોઈતી, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષની મંજૂરી તેમજ બહાલી મળી ગઈ છે અને આથી સામાન્ય માહિતી અર્થે તે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

## નિયમો

૧. **ટૂંકી સંજ્ઞા અને શરૂઆત-** (૧) આ નિયમોને સન ૧૯૬૪ના ગુજરાત વિધાનસભાના સભ્યો (ને તબીબી સંભાળ) બાબતના નિયમો કહેવા.

(૨) તે સન ૧૯૬૦ના મે મહિનાની પહેલી તારીખથી અમલમાં આવેલા ગણાશે.

૨. **વ્યાખ્યાઓ.**--આ નિયમોમાં, સંદર્ભ પરથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય-

[૧] **[** [૨][(અ) ''અધિકૃત મેડિકલ એટેન્ડન્ટ'' એટલે અમદાવાદ શહેરમાં મુખ્ય મથક ખાતેના સિવિલ સર્જન અને એમણે અધિકૃત કરેલા બીજા કોઈપણ સરકારી તબીબી અધિકારી અને અન્ય સ્થળોએ જિલ્લાના સિવિલ સર્જન અને એમણે અધિકૃત કરેલા મહાનગરપાલિકા, નગરપાલિકા, પંચાયત અથવા રાજય સરકારની સહાય મેળવતી કોઈપણ હોસ્પિટલ કે દવાખાનાના તબીબ અને નિવાસી તબીબી અધિકારી આ નિયમોના હેતુઓ માટે સરકારી તબીબી અધિકારી ગણાશે.**]**]

---

૧. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા. ૧૧મી માર્ચ, ૧૯૭૬ની અધિસૂચના ક્રમાંક : પી/૩૭(૬)/ ૫૭૦૭ની રૂએ નિયમ - ૨ નો પેટા નિયમ (અ) દાખલ કરવામાં આવ્યો હતો.

૨. ગુજરાત વિધાનસભા સચિવાલય ની તા. ૨૬મી જૂન, ૨૦૦૩ની અધિસૂચના ક્રમાંક- ગ.વ.સ./૬૪૯/પી/૧(૨૩) /૮૭૩૨ થી આ ખંડ બદલવામાં આવ્યો હતો.

[૧][(બ) ''સરકારી હોસ્પિટલ'' એટલે કે રાજય સરકાર દ્વારા નિભાવાતી હોસ્પિટલ અને તેમાં નીચેનાનો સમાવેશ થાય છે.

૧. આવી હોસ્પિટલ સાથે નર્સિંગહોમ સંકળાયેલું હોય તો તે; અને

૨. રાજય સરકાર નિભાવતું હોય તેવું દવાખાનું.]

(ક) ''સભ્ય'' એટલે ગુજરાત વિધાનસભાના સભ્ય કે જેઓ અધિનિયમની કલમ ૮ અન્વયે સરકારી હોસ્પિટલમાં મફત તબીબી સંભાળ અને સારવાર લેવા તેમજ વિનામુલ્યે સરકારી હોસ્પિટલમાં રહેવા હકદાર હોય.

[૨][[(ડ) ''તબીબી સંભાળ'' એટલે--

(૧) સરકારી હોસ્પિટલમાં અથવા તો સદસ્ય નિવાસમાં અધિકૃત મેડીકલ એટેન્ડન્ટની લેવામાં આવતી સેવા; અથવા

(૨) જયાં સરકારી હોસ્પિટલ ન હોય ત્યાં મ્યુનિસિપાલીટીની કે પંચાયતની હોસ્પિટલમાં લેવામાં આવતી સેવા; અથવા

[૩](૩) જયાં સરકારી, મ્યુનિસિપાલીટી કે પંચાયતની હોસ્પિટલ ન હોય ત્યાં રજિસ્ટર્ડ મેડિકલ પ્રેકટીશનર પાસેથી લેવામાં આવતી સેવા ;

પરંતુ કોઈ સ્થળે રાજય સરકાર દ્વારા ચાલતી હોસ્પિટલ હોવા છતાં, તબીયતની ગંભીર અથવા કટોકટીભરી પરિસ્થિતિને લીધે મહાનગરપાલિકા, નગરપાલિકા, પંચાયત દ્વારા ચાલતા કે રાજય સરકાર દ્વારા સહાય મેળવતા કોઈ હોસ્પિટલ કે દવાખાનામાં કે જયાં સારવાર લીધી હોય તે હોસ્પિટલના અધિકૃત મેડિકલ એટેન્ડન્ટનું તે અંગેનું લેખિતમાં પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

---

૧. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા. ૨૩મી જાન્યુઆરી.૧૯૭૯ની અધિસૂચના ક્રમાંક : પી/૩૭(૬)/ ૩૦૭૦થી નિયમ - ૨ નો પેટા નિયમ (બ) દાખલ કરવામાં આવ્યો હતો.

૨. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા. ૨૩મી જાન્યુઆરી.૧૯૭૯ની અધિસૂચના ક્રમાંક : પી/૩૭(૬)/ ૩૦૭૦થી નિયમ - ૨ નો પેટા નિયમ (ડ) દાખલ કરવામાં આવ્યો હતો.

૩. ગુજરાત વિધાનસભા સચિવાલય ની તા. ૨૬મી જૂન, ૨૦૦૩ની અધિસૂચના ક્રમાંક:ગવસ. ૬૪૯/પી/૧(૨૩)/૮૭૩૨ થી આ પેટા ખંડ બદલવામાં આવ્યો હતો.

પરંતુ વધુમાં, રાજય સરકાર, મહાનગરપાલિકા, નગરપાલિકા અથવા પંચાયત દ્વારા નિભાવાતી કે રાજય સરકારની સહાય મેળવતી હોસ્પટલ કે દવાખાનું ઉપલબ્ધ ન હોય તો ગુજરાત રાજયના કોઈપણ રજિસ્ટર્ડ મેડિકલ પ્રેકટીશનર પાસેથી કે ગુજરાત રાજયની બહાર ભારતમાં કોઈપણ સ્થળે સારવાર લઈ શકશે. નિદાનના હેતુ સારૂ આવી હોસ્પિટલમાં કે તેની લેબોરેટરીમાં અથવા તે રજિસ્ટર્ડ મેડિકલ પ્રેકટીશનર પાસે ઉપલબ્ધ હોય તેવી અને અધિકૃત મેડિકલ એટેન્ડન્ટને જરૂરી લાગતી હોય તેવી પેથોલોજિકલ, બેકટીરીયોલોજીકલ, રેડિયોલોજીકલ અગર તો બીજી કોઈપણ તપાસનો સમાવેશ થાય છે.]]

[૧][(ઈ) ''તબીબી સારવાર'' એટલે સરકારી હોસ્પિટલમાં અથવા તો જયાં સરકારી હોસ્પિટલ ન હોય ત્યાં મ્યુનિસિપાલીટીની કે પંચાયતની હોસ્પિટલમાં [૨] [અને તબીયતની ગંભીર કે કટોકટીભરી પરિસ્થિતિના કિસ્સામાં સરકારી હોસ્પિટલ હોય તો પણ મહાનગરપાલિકા, નગરપાલિકા, પંચાયત દ્વારા નિભાવાતી અથવા રાજય સરકાર પાસેથી સહાય મેળવતી કોઈપણ હોસ્પિટલ કે દવાખાનામાં,] જયાં સભ્યની અથવા તેમના આશ્રિત હોય અને તેમની સાથે રહેતા હોય એવા એમના કોઈ કુટુંબીજનની સારવાર, જેમાં નીચેની બાબતનો સમાવેશ થાય છે.

(૧) અધિકૃત મેડીકલ એટેન્ડન્ટને જરૂરી જણાય તેવી પેથોલોજીકલ, બેકટોરીયોલોજીકલ, રેડિયોલોજીકલ, અથવા તો બીજી કોઈપણ તપાસ.

(૨) સરકારી હોસ્પિટલમાં અથવા તો જયાં સરકારી હોસ્પિટલ ન હોય ત્યાં મ્યુનિસિપાલીટીની કે પંચાયતની હોસ્પિટલમાં [૩] [અને તબિયતની ગંભીર કે કટોકટીભરી પરિસ્થિતિના કિસ્સામાં સરકારી હોસ્પિટલ હોય તો પણ મહાનગરપાલિકા, નગરપાલિકા, પંચાયત દ્વારા નિભાવાતી અથવા રાજય સરકાર પાસેથી સહાય મેળવતી કોઈપણ હોસ્પિટલ કે દવાખાનામાં] સામાન્ય રીતે ઉપલબ્ધ ન હોય તેવી પૂરી પાડેલી દવાઓ, ઔષધો, રસીઓ, સીરા, (Sera) અથવા બીજા કોઈ થેરાપ્યુટીક તત્વો જરૂરી છે

---

૧. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા. ૨૩મી જાન્યુઆરી.૧૯૭૯ની અધિસૂચના ક્રમાંક : પી/૩૭(૬)/ ૩૦૭૦થી નિયમ - ૨ નો પેટા નિયમ (ઈ) દાખલ કરવામાં આવ્યો હતો.

૨. ગુજરાત વિધાનસભા સચિવાલય ની તા. ૨૬મી જૂન, ૨૦૦૩ની અધિસૂચના ક્રમાંકઃ ગવસ/૬૪૯/પી/૧(૨૩)/૮૭૩૨ થી આ શબ્દો દાખલ કરવામાં આવ્યા હતા.

૩. ગુજરાત વિધાનસભા સચિવાલય ની તા. ૨૬મી જૂન, ૨૦૦૩ની અધિસૂચના ક્રમાંકઃ ગવસ/૬૪૯/પી/૧(૨૩)/૮૭૩૨ થી આ શબ્દો દાખલ કરવામાં આવ્યાં હતા.

એવું અધિકૃત મેડીકલ એટેન્ડન્ટે લેખિત પ્રમાણપત્ર આપ્યું હોય કે સભ્યને અથવા તેમના આશ્રિત હોય અને તેમની સાથે રહેતા હોય એવા કુટુંબના કોઈ સભ્યને સાજા થવા માટે અથવા તેમની તબિયતમાં ગંભીર બગાડ થતો અટકાવવા માટે આ દવાઓ આવશ્યક હતી.

(૩) અમદાવાદ ખાતેની સરકારી હોસ્પિટલમાં મંત્રીઓ અને નાયબ મંત્રીઓને આપવામાં આવતી હોય તેવી જગ્યા.

[૧] [(૪) સરકારી હોસ્પિટલની એમ્બ્યુલન્સનો ઉપયોગ અને જયાં સરકારી હોસ્પિટલ નથી ત્યાં નગરપાલિકા અથવા પંચાયતની હોસ્પિટલ અને તબીયતની ગંભીર અને કટોકટીભરી પરિસ્થિતિમાં સરકારી હોસ્પિટલ હોય તો પણ મહાનગરપાલિકા, નગરપાલિકા, પંચાયત કે રાજય સરકારની સહાયથી ચાલતા દવાખાનાની એમ્બ્યુલન્સનો ઉપયોગ જયાં પણ સભ્ય અથવા સભ્યની સાથે રહેતા હોય અને તેમની પર આશ્રિત હોય તેવી વ્યકિતને લઈ જવી જરૂરી હોય તો તેમને આવી હોસ્પિટલમાં લઈ જવા વિનામૂલ્યે કરી શકશે.]]

[૨] [(ઈઈ) ''મહાનગરપાલિકાની હોસ્પિટલ'' એટલે મહાનગરપાલિકા દ્વારા નિભાવાતી હોસ્પિટલ અને તેમાં :

(૧) આવી હોસ્પિટલ સાથે કોઈ નર્સિંગહોમ સંકળાયેલું હોય તે, અને

(૨) આવી મહાનગરપાલિકા દ્વારા નિભાવાતા દવાખાનાનો સમાવેશ થાય છે.'']

[3][(ફ) ''મ્યુનિસિપાસિપાલીટીની હોસ્પીટલ'' એટલે મ્યુનિસિપાલીટી દ્વારા નિભાવાતી હોસ્પિટલ અને તેમાં--

(૧) આવી હોસ્પિટલ સાથે કોઈ નર્સિંગહોમ સંકળાયેલું હોય તે, અને

(૨) આવી મ્યુનિસિપાલીટી દ્વારા નિભાવાતા દવાખાનાનો સમાવેશ થાય છે.

---

૧. ગુજરાત વિધાનસભા સચિવાલય ની તા. ૨૬મી જૂન, ૨૦૦૩ની અધિસૂચના ક્રમાંકઃ ગવસ/૬૪૯/પી/૧(૨૩)/૮૭૩૨ થી આ પેટા ખંડ બદલવામાં આવ્યો હતો.

૨. ગુજરાત વિધાનસભા સચિવાલય ની તા. ૨૬મી જૂન, ૨૦૦૩ની અધિસૂચના ક્રમાંકઃગવસ/ ૬૪૯/ પી/૧(૨૩)/૮૭૩૨ થી આ પેટા ખંડ દાખલ કરવામાં આવ્યો હતો.

૩. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા. ૨૩મી જાન્યુઆરી, ૧૯૭૯ની અધિસૂચના ક્રમાંકઃ પી/૩૭(૬)/ ૩૦૭૦ દ્વારા ખંડ (ફ) અને (ગ) દાખલ કરવામાં આવ્યા હતા.

(ગ) ''પંચાયતની હોસ્પિટલ'' એટલે પંચાયત દ્વારા નિભાવાતી હોસ્પિટલ અને તેમાં

(૧) આવી હોસ્પિટલ સાથે કોઈ નર્સિંગહોમ સંકળાયેલું હોય તો તે અને

(૨) આવી પંચાયત દ્વારા નિભાવાતા દવાખાનાનો સમાવેશ થાય છે.]

[૧] [(ગગ) ''રાજય સરકાર દ્વારા સહાય મેળવતી હોસ્પિટલ અથવા દવાખાનું'' એટલે રાજય સરકારની સંપૂર્ણ કે અંશતઃ સહાય દ્વારા નિભાવાતી હોસ્પિટલ, દવાખાનું કે નર્સિંગહોમ અને તેમાં

(૧) આવી હોસ્પિટલ સાથે કોઈ નર્સિંગહોમ સંકળાયેલું હોય તો તે; અને

(૨) આવી પંચાયત દ્વારા નિભાવાતાં દવાખાનાનો સમાવેશ થાય છે.]

[૨][[૩ **(૧) સભ્યને અથવા તેમના આશ્રિત હોય અને તેમની સાથે રહેતા હોય એવા તેમના કુટુંબના સભ્યને, સભ્યની સમગ્ર પદાવધિ દરમિયાન -**

(અ) સરકારી હોસ્પિટલમાં : અથવા

(બ) જયાં સરકારી હોસ્પિટલ ન હોય ત્યાં મ્યુનિસિપાલિટીની કે પંચાયતની હોસ્પિટલમા

[૩] [ × × × × × × × × × × ]

[૪] [અથવા]

---

૧. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા. ૨૬મી જુન.૨૦૦૩ની અધિસૂચના ક્રમાંક : ગવસ/૬૪૯/પી/૧/ (૨૩)૮૭૩૨થી નવો પેટા નિયમ (ગગ) દાખલ કરવામાં આવ્યો હતો.

૨ . ગુજરાત વિધાનસભા સચિવાલયની તા. ૨૩મી જાન્યુઆરી, ૧૯૭૯ની અધિસૂચના ક્રમાંકઃ પી/૩૭(૬)/ ૩૦૭૦ થી જુના નિયમ-૩ ની જગ્યાએ નવો નિયમ -૩ દાખલ કરવામાં આવ્યા હતા.

૩. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા. ૨૬-૬-૨૦૦૩ની અધિસૂચના ક્રમાંકઃ ગવસ/ ૬૪૯/પી/૧(૩૨)/૮૭૩૨ થી આ શબ્દો રદ કરવામાં આવ્યા હતા.

૪. ગુજરાત વિધાનસભા સચિવાલયની તા. ૨૬-૬-૨૦૦૩ ની અધિસૂચના ક્રમાંકઃ ગવસ/ ૬૪૯/પી/૧(૩૨)/૮૭૩૨ થી આ શબ્દ ઉમેરવામાં આવ્યો હતો.

[1] [(ક) તબીયતની ગંભીર કે કટોકટીભરી પરિસ્થિતિ હોય એવા કિસ્સામાં જયાં સરકારી હોસ્પિટલ હોવા છતાં, મહાનગરપાલિકા, નગરપાલિકા, પંચાયત દ્વારા નિભાવાતી કે રાજય સરકારની સહાય મેળવતી હોસ્પિટલ કે દવાખાનામાં વિનામુલ્યે રહેવાની સગવડ તેમજ તબીબી સંભાળ અને સારવાર મેળવવાનો હકક રહેશે.]

(૨) જયાં સરકારી હોસ્પિટલ અથવા [2] [મહાનગરપાલિકાની હોસ્પિટલ, નગરપાલિકાની હોસ્પિટલ, પંચાયતની હોસ્પિટલ, અથવા રાજય સરકારની સહાય મેળવતી હોસ્પિટલ કે દવાખાનું] ન હોય ત્યાં સભ્યને અથવા તેમના આશ્રિત હોય અને તેમની સાથે રહેતા હોય એવા તેમના કુટુંબીજનને રજીસ્ટર્ડ મેડિકલ પ્રેકટીશનર પાસેથી તબીબી સંભાળ અને સારવાર લેવાનો હકક રહેશે.]]

૪. **સભ્યે કરેલ ખર્ચ તેને પાછો ભરપાઈ કરી આપવા બાબત-** (૧) જો સભ્યે તબીબી સંભાળ કે સારવાર પાછળ કંઈ ખર્ચ કર્યો હોય તો તેને અધિકૃત મેડિકલ એટેન્ડન્ટનું લેખિત પ્રમાણપત્ર રજૂ કરવામાં આવે તો પાછો ભરપાઈ કરી આપવામાં આવશે.

[3] [(૨) અધિકૃત મેડીકલ એટેન્ડન્ટે લખી આપેલ બધી જ દવાઓ, સીરા કે બીજા થેરાપ્યુટીક તત્વો રાજય સરકાર, મહાનગરપાલિકા, નગરપાલિકા, પંચાયત દ્વારા નિભાવાતી કે રાજય સરકારની સહાય મેળવતી હોસ્પિટલ કે દવાખાનામાંથી બનતા સુધી મળી શકશે.

પરંતુ કોઈ દવા, સીરા કે થેરાપ્યુટીક તત્વો રાજય સરકાર, મહાનગરપાલિકા, નગરપાલિકા, પંચાયત દ્વારા નિભાવાતી કે રાજય સરકારની સહાય મેળવતી હોસ્પિટલ કે દવાખાનામાંથી મળી શકે તેમ ન હોય તો સભ્યે તે ખરીદી લેવા, જેનો ખર્ચ તેમને ભરપાઈ કરી આપવામાં આવશે.]

---

૧. ગુજરાત વિધાનસભા સચિવાલય ની તા. ૨૬મી જૂન, ૨૦૦૩ની અધિસૂચના ક્રમાંકઃ ગવસ/૬૪૯/પી/૧(૨૩)/ ૮૭૩૨ થી પેટા ખંડ (ક) દાખલ કરવામાં આવ્યો હતો.

૨. ગુજરાત વિધાનસભા સચિવાલય ની તા.૨૬મી જૂન, ૨૦૦૩ની અધિસૂચના ક્રમાંકઃ ગવસ/૬૪૯/પી/૧ (૨૩)/ ૮૭૩૨ થી ''મ્યુનિસિપલ હોસ્પિટલ અથવા પંચાયતની હોસ્પિટલ'' એ શબ્દોને સ્થાને આ શબ્દો દાખલ કરવામાં આવ્યાં હતા.

૩. ગુજરાત વિધાનસભા સચિવાલય ની તા. ૨૬મી જૂન, ૨૦૦૩ની અધિસૂચના ક્રમાંકઃ ગવસ/ ૬૪૯/પી/૧ (૨૩)/૮૭૩૨ થી નિયમ-૪નો પેટા નિયમ-(૨) બદલવામાં આવ્યો હતો.

[1][[(૩) [2][જયારે કોઈ સભ્ય અથવા તેમના આશ્રિત હોય અને તેમની સાથે રહેતા હોય એવા તેમના કુટુંબીજન સરકારી હોસ્પિટલની અથવા જયાં સરકારી હોસ્પિટલ નથી ત્યાં નગરપાલિકાની કે પંચાયતની હોસ્પિટલની અને તબિયતની ગંભીર કે કટોકટીભરી પરિસ્થિતિ હોય એવા કિસ્સામાં સરકારી હોસ્પિટલ હોવા છતાં મહાનગરપાલિકા, નગરપાલિકા કે પંચાયત દ્વારા નિભાવાતી અથવા રાજય સરકારની સહાય મેળવતી હોસ્પિટલ કે દવાખાનાની એમ્બ્યુલન્સ ઉપલબ્ધ ન હોવાને કારણે આવી હોસ્પિટલ ખસેડવા માટે તેનો લાભ લઈ ન શકે] અને સભ્યને તેમને અથવા તેમના કુટુંબીજન અન્ય કોઈ વાહનનો ઉપયોગ કરીને હોસ્પિટલ ખસેડવા માટે ભાડા તરીકે કંઈ ચૂકવે તો તે સભ્યને--

(૧) તેમણે ચૂકવેલ ખરેખર ભાડું અથવા તો;

(૨) કિલોમીટર દીઠ નેવું પૈસા લેખે થતી રકમ એ બે માંથી જે ઓછી હશે તે,

જો તેઓ ''સભ્યને કે તેમના કુટુંબીજનને આવી હોસ્પિટલે ખસેડવા માટે જયારે એમ્બ્યુલન્સની જરૂર હતી ત્યારે તે ઉપલબ્ધ ન હતી'' એવું હોસ્પિટલનો હવાલો ધરાવતા તબીબી અધિકારીનું લેખિત પ્રમાણપત્ર રજૂ કરશે તો, ભરપાઈ કરી આપવામાં આવશે.

(૪) જયારે કોઈ સભ્ય અથવા તેમના આશ્રિત હોય અને તેમની સાથે રહેતા હોય એવા તેમના કુટુંબીજન નિયમ-૩ ના પેટા -નિયમ (૨) અન્વયે રજીસ્ટર્ડ મેડિકલ પ્રેકટીશનર પાસે તબીબી સંભાળ કે સારવાર લે અને સભ્ય તે બદલ નાણા ચૂકવે તો સભ્યને આવી સંભાળ કે સારવાર બદલ ચૂકવેલી રકમ ભરપાઈ કરી આપવામાં આવશે, પણ આવી રકમ તેમને ભરપાઈ થાય એટલા માટે તબીબી સંભાળ અને સારવાર આપનાર રજીસ્ટર્ડ મેડિકલ પ્રેકટીશનરનું આવી સંભાળ અને સારવાર

---

૧ . ગુજરાત વિધાનસભા સચિવાલયની તા. ૨૩મી જાન્યુઆરી.૧૯૭૯ની અધિસૂચના ક્રમાંકઃ પી/૩૭(૬)/ ૩૦૭૦ થી નિયમ-૪માં પેટા નિયમ (૩), (૪) અને (૫) દાખલ કરવામાં આવ્યા હતા.

૨ . ગુજરાત વિધાનસભા સચિવાલય ની તા. ૨૬મી જૂન,૨૦૦૩ની અધિસૂચના ક્રમાંકઃ ગવસ/૬૪૯/પી/૧(૨૩)/ ૮૭૩૨ થી ''જયારે કોઈ સભ્ય અથવા તેમના આશ્રિત હોય ....................... આવી હોસ્પિટલે ખસેડવા માટે તેનો લાભ લઈ ન શકે'' એ ભાગને સ્થાને આ ભાગ દાખલ કરવામાં આવ્યો હતો.

આપ્યા બદલનું લેખિત પ્રમાણપત્ર અને સભ્યે આવા પ્રેકટીશનરને ચૂકવેલી બધી રકમના બીલો રજૂ કરવા પડશે. આવું પ્રમાણપત્ર અને બીલો બન્ને પર અધિકૃત મેડિકલ એટેન્ડન્ટના પ્રતિહસ્તાક્ષર કરેલા હોવા જોઈએ.

(પ) જયારે કોઈ સભ્ય અથવા તેમના આશ્રિત હોય અને તેમની સાથે રહેતો હોય એવા તેમના કુટુંબીજન ગુજરાત રાજય બહારની કોઈ હોસ્પિટલમાં તબીબી સંભાળ અને સારવાર લે અને તે બદલ સભ્ય નાણાં ચૂકવે તો તેમણે ચૂકવેલી આવી રકમ, જો તેઓ ‘‘આવી સંભાળ અને સારવાર ગુજરાત રાજયમાં ઉપલબ્ધ ન હતી‘‘ એ મતલબનું ગુજરાત રાજયના તબીબી શિક્ષણ અને સંશોધન નિયામકનું પ્રમાણપત્ર રજૂ કરશે તો તેમને ભરપાઈ કરી આપવામાં આવશે.]]

[૧][(૬) તબીબી સંભાળ અને સારવારના કારણે અથવા સભ્ય કે તેમના કુટુંબના સભ્યને હોસ્પિટલે લઈ જવા માટે વાહનના ઉપયોગના કારણે થયેલા ખર્ચના બીલને આ અંગેના આ નિયમ અનુસાર ઠરાવેલા જરૂરી પ્રમાણપત્રો સહિત ખર્ચ થયાની તારીખથી છ મહિનામાં ગુજરાત વિધાનસભા સચિવાલયમાં રજૂ કરવામાં આવ્યા હોય તે સિવાય તે ખર્ચની પરત ભરપાઈ કરી આપવામાં આવશે નહીં.

પરંતુ અધ્યક્ષ, તેમને લાગે કે આ બિલો રજૂ કરવામાં સભ્યના કાબૂ બહારના સંજોગોના કારણે વિલંબ થયો છે, તો આ સમયમર્યાદા પૂરી થયા પછી આ બિલો ખર્ચની પરત ભરપાઈ અર્થે ગુજરાત વિધાનસભા સચિવાલયમાં રજૂ કરવા માટે પરવાનગી આપી શકશે.]

પ. આ નિયમોમાં સવિશેષ ઠરાવ્યું હોય તે સિવાય આ નિયમોમાંની કોઈપણ જોગવાઈ સભ્યે લીધેલ કોઈ પણ તબીબી સંભાળ અગર તો સારવાર માટે તેને પૈસા પાછા મેળવવા માટે હકદાર બનાવે છે તેવું ગણાશે નહિ.

---

૧. ગુજરાત વિધાનસભા સચિવાલય ની તા. ૧પમી ઓકટોબર.૧૯૮૧ની અધિસૂચના ક્રમાંકઃ પી/૧ (૧૯)/૧પ૬૯૬ થી પેટા નિયમ (૬) દાખલ કરવામાં આવ્યો હતો.

## સન ૧૯૮૧ના ગુજરાત વિધાનસભાના સભ્યોને (માર્ગ વાહનવ્યવહાર સેવા દ્વારા મુસાફરીનું) ભાડું પરત ભરપાઈ કરી આપવા બાબતના નિયમો.

સન ૧૯૬૦ના ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર અને ભથ્થાં બાબતના (સન ૧૯૬૦ના ૨ જા) અધિનિયમની કલમ ૧૦ની પેટા -કલમ (૧)નો ખંડ (ડ) ઉકત અધિનિયમની કલમ ૬-અ સાથે વાંચતા તેને મળેલી સત્તાની રૂએ, રાજય સરકાર સાથે પરામર્શ કરીને ઘડેલા ઉકત કલમ ૧૦ની પેટા-કલમ (૧)ના ખંડ (ઈ) અન્વયે લેવી જોઈતી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષની મંજૂરી અને બહાલી જેને મળી છે એવા નીચે મુજબના નિયમો આથી સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે :-

### નિયમો

૧. **ટૂંકી સંજ્ઞા અને શરૂઆત.**-- (૧) આ નિયમોને સન ૧૯૮૧ના ગુજરાત વિધાનસભાના સભ્યોને (માર્ગ વાહનવ્યવહાર સેવા દ્વારા મુસાફરીનું) ભાડું પરત ભરપાઈ કરી આપવા બાબતના નિયમો કહેવા.

(૨) આ નિયમો સન ૧૯૮૧ ના જૂન મહિનાની પહેલી તારીખથી અમલમાં આવેલા ગણાશે.

૨. **વ્યાખ્યાઓ.**-- આ નિયમોમાં સંદર્ભ પરથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય-

(ક) [૧] **[**''સહયાત્રીઓ''**]** એટલે સભ્યની સાથે મુસાફરી કરી રહેલા તેમના પત્ની / પતિ [૧] **[**અને તેમની સાથે રહેતા હોય અને તેમના આશ્રિત હોય તેવા તેમના કુટુંબના બીજા બે સભ્યો;**]**

(ખ) ''સભ્ય'' એટલે વિધાનસભાના સભ્ય;

(ગ) ''વર્ષ'' એટલે નાણાકીય વર્ષ.

૩. **માર્ગ વાહનવ્યવહાર સેવા દ્વારા કરેલી મુસાફરીનું ભાડું પરત ભરપાઈ કરવા બાબત.**

(ક) ગુજરાત રાજયની બહાર ભારતના કોઈ ભાગમાં કોઈપણ માર્ગ વાહનવ્યવહાર સેવા દ્વારા સભ્યે એકલાએ કરેલ મુસાફરીના ભાડા અંગે; અગર તો.

---

૧. ગુજરાત વિધાનસભા સચિવાલય ની તા. ૨૭-૫-૯૯ની અધિસૂચના ક્રમાંક : પી/૧(૨૩)/૫૩૮થી ''સહયાત્રી'' અને ''બીજા કોઈપણ એક સભ્ય'' શબ્દોને બદલે ''સહયાત્રીઓ'' તથા ''અને બીજા બે સભ્યો'' શબ્દો મૂકવામાં આવ્યા હતા.

(ખ) ગુજરાત રાજયની બહાર ભારતના કોઈ ભાગમાં કોઈપણ માર્ગ વાહનવ્યવહાર સેવા દ્વારા સભ્યે [1] [સહયાત્રીઓ] સાથે કરેલી મુસાફરીના ભાડા અંગે; અગર તો

(ગ) ગુજરાત રાજયના કોઈ ભાગમાં કોઈપણ માર્ગ વાહનવ્યવહાર સેવા દ્વારા [1] [સહયાત્રીઓ] એ સભ્ય સાથે કરેલી મુસાફરીના ભાડા અંગે-

સભ્યે કંઈ ખર્ચ કર્યો હોય તો, જો એમણે એકલાએ મુસાફરી કરી હોય તો આ નિયમો સાથે જોડેલા નમૂના અ-૧માં અને જો [1] [સહયાત્રીઓ] સાથે મુસાફરી કરી હોય તો આ નિયમો સાથે જોડેલા નમૂના અ-૨ માં તે અંગેની માહિતી ગુજરાત વિધાનસભા સચિવાલયના સચિવને પૂરી પાડયેથી તેમને તેવી રીતે કરેલા ખર્ચની રકમ પરત ભરપાઈ કરવામાં આવશે.

પરંતુ સભ્યને ગુજરાત રાજયની બહાર ભારતના કોઈ ભાગમાં કોઈપણ માર્ગ વાહનવ્યવહાર સેવા દ્વારા તેમણે એકલાએ કરેલી મુસાફરી માટે એક વર્ષમાં [1] [૧૦૦૦૦] કિલોમીટરથી વધારેની અને [1] [સહયાત્રીઓ] સાથે કરેલી એક વર્ષની [1] [૨૦૦૦૦] કિલોમીટરથી વધારેની મુસાફરી અંગેનો કંઈપણ ખર્ચ પરત ભરપાઈ માંગવાનો હકક રહેશે નહીં.

વધુમાં ખંડ (ગ)માં દર્શાવેલી ભાડાના ખર્ચની પરત ભરપાઈ કરી આપવા બાબતની સગવડ જે તારીખથી સન ૧૯૮૧ના ગુજરાત વિધાનસભાના સભ્યો (ને માર્ગ વાહનવ્યવહાર સેવા દ્વારા મફત મુસાફરી કરવા દેવા) બાબતના (સુધારા) નિયમો અમલમાં આવશે તે તારીખથી બંધ થશે.

૪. **બિલોનું ઓડીટ (હિસાબ તપાસણી.)**.-- (૧) (અ) મુસાફરીના ભાડાની પરત ભરપાઈ કરી આપવાની માંગણી કરનાર સભ્યને આ સાથે જોડેલા અને તેમની માંગણીને લાગુ પડતા હોય તેવા નમૂના અ-૩, અ-૪, અ-૫, અ-૬ અને અ-૭ એક અથવા વધારે પ્રમાણપત્રોના શેરા સાથે તે બિલ ગુજરાત વિધાનસભા સચિવાલયમાં મોકલવું.

---

૧. ગુજરાત વિધાનસભા સચિવાલય ની ઉપરોકત અધિસૂચનાથી ''સહયાત્રી'' શબ્દને બદલે ''સહયાત્રીઓ'' શબ્દો મૂકવામાં આવ્યા હતા. તેમજ ''૭૫૦૦'' અને ''૧૫૦૦૦'' એ આંકડાને બદલે ''૧૦૦૦૦'' અને ''૨૦૦૦૦'' આંકડા મૂકવામાં આવ્યા હતા.

(બ) ગુજરાત વિધાનસભાના સચિવ અથવા તેમણે અધિકૃત કરેલ કોઈ અધિકારીએ-

(૧) તેના પર પ્રતિહસ્તાક્ષર કરીને ચેકથી ચૂકવણી કરવી; અને

(૨) લખેલા ચેકોના હિસાબ, પાછળથી ઓડિટ કરવા માટે ચૂકવણીના વાઉચર સહિત પે એન્ડ એકાઉન્ટસ ઓફિસરને મોકલી આપવો;

(૩) ગુજરાત વિધાનસભાના સચિવાલય તરફથી ચૂકવાયેલ બીલો પે એન્ડ એકાઉન્ટસ ઓફિસરને મળે એટલે તેમણે તેની પૂરેપૂરી તપાસ કરીને હિસાબમાં તડજોડ કરવી.

**નમૂનો--અ--૧**

**(જુઓ નિયમ--૩)**

**સભ્યે એકલા કોઈપણ રાજ્યની માર્ગ વાહનવ્યવહાર સેવા દ્વારા કરેલી મુસાફરીના ભાડાના ખર્ચની રકમ પરત ભરપાઈ મેળવવા માટે માહિતી આપવા માટેનો નમૂનો**

| અનુ ક્રમાંક | મુસાફરીની તારીખ | સ્ટેશનથી સ્ટેશન સુધી | મુસાફરીનું અંતર | | ભાડું | | નોંધ |
|---|---|---|---|---|---|---|---|
| | | | ગુજરાત રાજ્યની અંદર કિ. મિ. | ગુજરાત રાજ્યની બહાર કિ. મિ. | ગુજરાત રાજ્યની અંદર રૂા. પૈસા. | ગુજરાત રાજ્યની બહાર રૂા. પૈસા | |
| | | | | | | | |

ગુજરાત વિધાનસભાના સભ્યની સહી.

નમૂનો-અ-૨

**સભ્યે/સહયાત્રીઓ* સાથે કોઈપણ રાજ્યની માર્ગ વાહનવ્યવહાર સેવા દ્વારા કરેલી મુસાફરીના ભાડાના ખર્ચની રકમ પરત ભરપાઈ મેળવવા માટે માહિતી આપવા માટેનો નમૂનો**

| અનુ ક્રમાંક | મુસાફરી કરનાર વ્યક્તિ | મુસાફરીની તારીખ | સ્ટેશનથી સ્ટેશન સુધી | મુસાફરીનું અંતર | | ભાડું | | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ગુજરાત રાજ્યની અંદર કિ. મિ. | ગુજરાત રાજ્યની બહાર કિ. મિ. | ગુજરાત રાજ્યની અંદર રૂા. પૈસા | ગુજરાત રાજ્યની બહાર રૂા. પૈસા | |
| | સભ્ય | | | | | | | |
| | *****સહયાત્રીઓ | | | | | | | |

ગુજરાત વિધાનસભાના સભ્યની સહી

*   ગુ.વિ.સ.ની તા. ૨૭-૫-૯૯ની અધિસૂચના ક્રમાંક પી/૧/(૨૩) /૫૩૮થી ‘‘સહયા**ત્રી**’’ શબ્દોને બદલે ‘‘સહયા**ત્રી**ઓ’’ શબ્દ મૂકવામાં આવ્યો હતો.

## * નમૂનો --અ-૩

(જુઓ નિયમ-૪)

પ્રમાણિત કરવામાં આવે છે કે, સહયાત્રી મારા પતિ/પત્ની છે /સહયાત્રીઓ મારી સાથે રહેતા અને મારા આશ્રિત એવા મારા કુટુંબના સભ્યો છે.

## નમૂનો--અ-૪

(જુઓ નિયમ-૪)

પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, હું ખાતરી કરી શકયો છું ત્યાં સુધી માર્ગ વાહનવ્યવહાર સેવા દ્વારા મુસાફરી કરેલ અંતર સાચા છે.

## નમૂનો--અ-૫

(જુઓ નિયમ--૪)

પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, જે મુસાફરી માટેના ભાડાની રકમ પરત ભરપાઈ કરી આપવા માટે મેં માંગણી કરી છે તે મુસાફરી મેં/અમે ખરેખર કરી છે.

## નમૂનો-અ-૬

(જુઓ નિયમ--૪)

પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, મુસાફરી અંગે જે રકમ પરત ભરપાઈ કરી આપવા માટે મેં માંગણી કરી છે તે ખરેખર થતા ભાડાની કિંમત કરતાં વધારે નથી.

## નમૂનો--અ-૭

(જુઓ નિયમ--૪)

પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, મેં આ પહેલાં આ જ મુસાફરી માટે બીજી કોઈપણ હેસિયતે મુસાફરી ભાડાની રકમ પરત ભરપાઈ મેળવી નથી.

---

* ગુજરાત વિધાનસભા સચિવાલય ની તા. ૨૭-૫-૯૯ની અધિસૂચના ક્રમાંક : પી/૧(૨૩)/૫૩૮ થી નમૂના-અ-૩ ને ઉપર મુજબ બદલવામાં આવ્યો હતો.

------

## *સન ૧૯૯૯ના ગુજરાત વિધાનસભાના સભ્યોને (વિમાન દ્વારા મુસાફરી અંગેની સવલતો) પરત ભરપાઈ કરી આપવા બાબતના નિયમો

સન ૧૯૬૦ના ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર તથા ભથ્થાં બાબતના અધિનિયમ (સન ૧૯૬૦નો ગુજ.-૨)ની કલમ ૧૦, કલમ-૬ અ-બ સાથે વાંચતાં, તેને મળેલી સત્તાની રૂએ, ઉકત અધિનિયમની કલમ ૧૦ની પેટા કલમ (૧) અન્વયે રચવામાં આવેલી સમિતિ, આથી રાજય સરકાર સાથે પરામર્શ કરીને નીચે મુજબના નિયમો બનાવે છે, જેને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રીએ મંજૂરી અને બહાલી આપી છે, એટલે કે :-

## નિયમો

૧. **ટૂંકી સંજ્ઞા-** (૧) આ નિયમોને સન ૧૯૯૯ના ગુજરાત વિધાનસભાના સભ્યોને (વિમાન દ્વારા મુસાફરી અંગેની સવલતો) પરત ભરપાઈ કરી આપવા બાબતના નિયમો કહેવા.

(૨) આ નિયમો તારીખ ૧લી ઓગસ્ટ, ૧૯૯૮થી અમલમાં આવેલા ગણાશે.

૨. **વ્યાખ્યાઓ.-** આ નિયમોમાં, સંદર્ભ પરથી બીજો અર્થ થતો હોય તે સિવાય ,

(ક) ‘‘સહયાત્રી‘‘ એટલે સભ્યની સાથે મુસાફરી કરી રહેલા તેમના પત્ની/પતિ અગર તો તેમની સાથે રહેતા હોય અને તેમના આશ્રિત હોય તેવા તેમના કુટુંબના બીજા કોઈપણ એક સભ્ય,

(ખ) ‘‘સભ્ય’’ એટલે ગુજરાત વિધાનસભાના સભ્ય,

(ગ) ‘‘વર્ષ’’ એટલે નાણાકીય વર્ષ.

૩. **વિમાન દ્વારા મુસાફરી :-** આ નિયમોની જોગવાઈને આધિન રહીને દરેક સભ્ય, સહયાત્રી સાથે પોતાના નિવાસ્થાનેથી સૌથી નજીકના વિમાન મથકથી ભારતના કોઈપણ ભાગની દર વર્ષે ત્રણ વખત વિમાન દ્વારા જતાંની તથા વળતાંની મુસાફરી કરવા હકકદાર રહેશે.

૪. **વિમાન દ્વારા મુસાફરીનું ભાડું પરત ભરપાઈ કરવા બાબત :-** આવા વિમાની પ્રવાસ માટે સભ્ય દ્વારા એકલા કે સહયાત્રી સાથે સંયુકતપણે કરવામાં આવેલા

ખર્ચની ભરપાઈ, પ્રથમ વર્ગની અથવા વાતાનુકુલિત દ્વિતિય વર્ગની રેલ્વેની મુસાફરીના ભાડા જેટલી રકમ, બેમાંથી જે વધારે હોય તેની મર્યાદામાં રહીને, આ નિયમો સાથે જોડેલ નમૂના અ-૧માં મુસાફરીની વિગતો સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલયને પૂરી પાડયેથી, તેમને કરી આપવામાં આવશે.

(૧) **બિલનું ઓડિટ (હિસાબ તપાસણી) :-** વિમાની મુસાફરીના ભાડાની પરત ભરપાઈ કરી આપવાની માંગણી કરનાર સભ્યે, વિમાની ભાડાની ટીકીટ તથા આ નિયમો સાથે જોડેલા અને તેમની માંગણીને લાગુ પડતા હોય તેવા નમૂના અ-૨માં પ્રમાણપત્ર સાથે બિલ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલયને મોકલવું.

(૨) ગુજરાત વિધાનસભા સચિવાલયના સચિવ અથવા આ બાબતમાં તેમણે અધિકૃત કરેલા કોઈ અધિકારીએ તેના ઉપર પ્રતિહસ્તાક્ષર કરીને ચેકથી ચૂકવણી કરવી અને આવાં લખેલા ચેકોનો હિસાબ, પાછળથી ઓડિટ કરવા માટે ચૂકવણીના વાઉચર સહિત પગાર અને હિસાબ અધિકારીને મોકલી આપવો.

(૩) ગુજરાત વિધાનસભા સચિવાલય તરફથી ચૂકવાયેલા બિલો પગાર અને હિસાબ અધિકારીને મળે એટલે તેમણે તેની પૂરેપૂરી તપાસણી કરીને હિસાબોમાં તેનું સમાયોજન કરવું.

---

*ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૨૩/૨/૨૦૦૦ની અધિસૂચના ક્રમાંક : પી/૧(૨૪)/૫૫૭ થી આ નિયમો પ્રસિધ્ધ કરવામાં આવ્યા હતા.

## નમૂનો : અ-૧

(જૂઓ નિયમ-૪)

### સભ્યે વિમાન દ્વારા કરેલી મુસાફરીના ભાડાની ખર્ચની રકમ પરત ભરપાઇ મેળવવા માટે માહિતી આપવા માટેનો નમૂનો

સભ્યશ્રીનું નામ :....................................મતદાર વિભાગ..................

| અનુ ક્રમાંક | માંગણી પાત્ર ટિકીટની સંખ્યા | મુસાફરીની તારીખ | વિમાન મથકથી | વિમાન મથક તરફ | વિમાનની મુસાફરીનું ભાડું (રૂપિયા) | રેલ્વે મુસાફરી મુજબનું ખરેખર અંતર કિ.મી માં. | રેલ્વે ભાડું | | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | પ્રથમ વર્ગ | વાતાનુકુલિત દ્વિતિય વર્ગ | |
| ૧ | ૨ | ૩ | ૪ | | ૫ | ૬ | ૭ | | ૮ |
| | | | | | | | | | |

સભ્યશ્રીની સહી.

# નમૂનો અ-૨

## (જુઓ નિયમ-પ)

પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, સહયાત્રી મારા પત્ની/પતિ/મારા પર આધારિત અને મારી સાથે રહેતી મારા કુટુંબની વ્યકિત છે.

પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, વિમાન મુસાફરીનો આ પ્રસંગ વર્ષમાં પહેલો/બીજો/ત્રીજો હતો.

પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, જે મુસાફરી માટેના ભાડાની રકમ પરત ભરપાઈ કરી આપવા માટે મેં માંગણી કરી છે, તે મુસાફરી મેં / અમે ખરેખર કરી છે.

પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, જે રકમ પરત ભરપાઈ કરી આપવા માટે મેં માંગણી કરી છે તે રેલ્વેના પ્રથમ વર્ગ અથવા વાતાનુકુલિત દ્વિતીય વર્ગની મુસાફરીના ભાડાની રકમ કરતાં વધારે નથી.

પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, મેં આ પહેલાં આજ મુસાફરી માટે બીજી કોઈપણ હેસિયતે મુસાફરી ભાડાની રકમ પરત ભરપાઈ મેળવી નથી.

સભ્યશ્રીની સહી

---------

# *સન-૨૦૦૬ના ગુજરાત વિધાનસભાના સભ્યોને રેલવે દ્વારા મુસાફરી ભાડું પરત ભરપાઈ કરી આપવા બાબતના નિયમો

સન ૧૯૬૦ના (૧૯૬૦નો ગુજરાત અધિનિયમ ક્રમાંક-૨) ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર અને ભથ્થાં બાબતના અધિનિયમની કલમ-૧૦ની પેટાકલમ (૧) ના ખંડ-(ક) અન્વયે રચવામાં આવેલ સમિતિએ સદરહુ અધિનિયમની ઉકત કલમ-૧૦ની પેટા કલમ (૧)ના ખંડ-(ઘ)ને કલમ ૫-(ખ) અને ૬-કક સાથે વાંચતાં મળેલી સત્તાની રૂએ રાજય સરકાર સાથે પરામર્શ કરીને ઘડેલા અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રીએ બહાલી આપીને મંજૂર રાખેલા નીચે મુજબના નિયમો ઉકત કલમ-૧૦ની પેટા કલમ (૧)ના ખંડ-(ચ) હેઠળ જરૂરી હોવાથી આથી પ્રસિઘ્ધ કરવામાં આવે છે, એટલે કે :-

## નિયમો

**૧. ટૂંકી સંજ્ઞા અને શરૂઆત :**

(૧) આ નિયમોને સન. ૨૦૦૬ના ગુજરાત વિધાનસભાના સભ્યોને રેલવે દ્વારા મુસાફરી ભાડું પરત ભરપાઈ કરી આપવા બાબતના નિયમો કહેવામાં આવશે.

(૨) આ નિયમો સરકારી ગેઝેટમાં પ્રસિઘ્ધ થયાની તારીખથી અમલમાં આવેલા ગણાશે.

**૨. વ્યાખ્યાઓ :-**

આ નિયમોમાં, સંદર્ભ પરથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય.

(ક) ''અધિનિયમ'' એટલે સન. ૧૯૬૦નો ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર અને ભથ્થાં બાબતનો અધિનિયમ.

(ખ) ''સહયાત્રીઓ'' એટલે સભ્યની સાથે મુસાફરી કરી રહેલાં તેમના પત્ની કે પતિ અને તેમની સાથે રહેતા હોય અને તેમના ઉપર આધારિત હોય તેવા તેમના કુટુંબના બીજા કોઈ પણ બે સભ્યો,

(ગ) ''સભ્ય'' એટલે ગુજરાત વિધાનસભાના સભ્ય,

(ઘ) ''સચિવ'' એટલે ગુજરાત વિધાનસભાના સચિવ,

(ચ) ''વર્ષ'' એટલે નાણાકીય વર્ષ.

૩. **રેલવે મુસાફરીના ભાડાની પરત ભરપાઈ :-** (૧) જયાં સભ્યે કોઈ પણ રેલવે ધ્વારા પહેલા વર્ગમાં અથવા વાતાનુકૂલિત દ્વિતીય વર્ગમાં અથવા અન્ય કોઈ પણ વર્ગમાં એકલાએ અથવા સહયાત્રી સાથે કરેલી ગુજરાત રાજયની અંદર અને ગુજરાત રાજયની બહાર ભારતના કોઈ પણ ભાગની મુસાફરીના ભાડા માટે કોઈ ખર્ચ કર્યો હોય તો, વાતાનુકૂલિત દ્વિતીય વર્ગના ભાડાથી વધે નહી તેટલું ભાડું જો તેમણે મુસાફરી એકલાએ કરી હોય તો આ નિયમો સાથે જોડેલા નમૂના 'ક' માં અને સહયાત્રી સાથે મુસાફરી કરી હોય તો નમૂના 'ખ' માં સચિવ, ગુજરાત વિધાનસભા સચિવાલયને તે અંગેની રેલવે મુસાફરીની ટિકિટ અથવા રેલવેના સત્તાધિકારીના તેમના દ્વારા એકલા અથવા સંયુકત રીતે કરવામાં આવેલી મુસાફરી અંગેના પ્રમાણપત્ર સાથે માહિતી પૂરી પાડ્યેથી તેમને તેવી રીતે કરેલા ખર્ચની રકમ પરત ભરપાઈ કરી આપવામાં આવશે.

પરંતુ સભ્યને ગુજરાત રાજયની બહાર ભારતના કોઈ ભાગમાં કોઈપણ રેલવે દ્વારા તેમણે એકલાએ કરેલી મુસાફરી માટે એક વર્ષમાં ૧૦૦૦૦ કિલોમીટરથી વધારેની અને સહયાત્રી સાથે કરેલી એક વર્ષની ૨૦૦૦૦ કિલોમીટરથી વધારેની મુસાફરી અંગેનો કંઈ પણ ખર્ચ પરત ભરપાઈ માંગવાનો હક્ક રહેશે નહિ.

(૨) રેલવે મુસાફરીના ભાડાની પરત ભરપાઈ માંગતા સભ્યે ગુજરાત વિધાનસભા સચિવાલયના સચિવને મુસાફરીની ટિકિટ અથવા રેલવે સત્તાધિકારીનું પ્રમાણપત્ર અને આ નિયમ હેઠળ જરૂરી માહિતી આ નિયમો સાથે જોડેલા નમૂના-ગ માં પ્રમાણપત્રો સાથે મોકલી આપવાની રહેશે.

આ નિયમો હેઠળ માહિતી મળ્યેથી ગુજરાત વિધાનસભા સચિવાલય તદ્નુસાર એક બિલ તૈયાર કરશે.

**એચબી-૬૧૦-૭**

## ૪. બિલોનું ઓડિટ :-

૧. ગુજરાત વિધાનસભાના સચિવ અથવા તેમણે અધિકૃત કરેલા કોઈ અધિકારીએ :-

(i) બિલ ઉપર પ્રતિહસ્તાક્ષર કરીને ચેકથી ચૂકવણી કરવાની રહેશે, અને

(ii) લખવામાં આવેલા ચેકોના હિસાબ પાછળથી ઓડીટ કરવા માટે ચૂકવણીના વાઉચરો સહિત પગાર અને હિસાબી અધિકારીને મોકલી આપવાના રહેશે.

(૨) ગુજરાત વિધાનસભા સચિવાલય તરફથી ચૂકવાયેલ બિલો પગાર અને હિસાબી અધિકારીને મળ્યે તેમણે બિલોની સંપૂર્ણપણે ચકાસણી અને ખરાઈ કરીને હિસાબોમાં સમાયોજન કરવાનું રહેશે.

## ૫. રદ કરવા બાબત અને અપવાદ :-

(૧) ગુજરાત વિધાનસભાના સભ્યોને (રેલવે દ્વારા મફત મુસાફરી કરવા દેવા બાબતના) નિયમો, ૧૯૬૫ આથી રદ કરવામાં આવે છે.

(૨) નિયમો આવી રીતે રદ કરાયા છતાં સદરહુ નિયમો હેઠળ કરેલું કોઈપણ કૃત્ય અથવા કરવામાં આવેલી કોઈપણ કાર્યવાહી આ નિયમો હેઠળ કરાયેલું/કરાયેલી હોય તેમ ગણાશે.

---

* ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧/૧/૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક : પી/૧(૨૬)/૬૯૭ થી સન ૧૯૬૫ના ગુજરાત વિધાનસભાના સભ્યોને (રેલવે દ્વારા મફત મુસાફરી કરવા દેવા બાબતના) નિયમો રદ કરીને આ નિયમો દાખલ કરવામાં આવ્યા હતા.

## નમૂનો - ક

## (જુઓ નિયમ-૩)

### સભ્યે એકલાએ કરેલ રેલવે મુસાફરીના ભાડાના ખર્ચની પરત ભરપાઇ કરાવવા માટેની માહિતી

**સભ્યશ્રીનું નામ :** **મત વિસ્તાર :**

| ક્રમાંક | મુસાફરીની તારીખ | કયા સ્ટેશનથી | કયા સ્ટેશન સુધી | મુસાફરીનું અંતર, કિલોમીટરમાં | વર્ગ | મુસાફરીનું ભાડું | | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | રાજ્યની અંદર | રાજ્યની બહાર | |
| | | | | | | | | |

**ગુજરાત વિધાનસભાના સભ્યની સહી**

## નમૂનો - ખ

## (જુઓ નિયમ-૩)

### સભ્યે સહયાત્રી સાથે કરેલ રેલવે મુસાફરીના ભાડાના ખર્ચની પરત ભરપાઇ કરાવવા માટેની માહિતી

**સભ્યશ્રીનું નામ :** **મત વિસ્તાર :**

| ક્રમાંક | વિગતો | મુસાફરીની તારીખ | કયા સ્ટેશનથી | કયા સ્ટેશન સુધી | મુસાફરીનું અંતર, કિલોમીટરમાં | વર્ગ | મુસાફરીનું ભાડું | | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | રાજ્યની અંદર | રાજ્યની બહાર | |
| | સભ્ય | | | | | | | | |
| | સહયાત્રી | | | | | | | | |

**ગુજરાત વિધાનસભાના સભ્યની સહી**

## નમૂનો-ગ

## (જુઓ નિયમ-૩)

હું ...................................................................... સભ્ય, ગુજરાત વિધાનસભા આથી પ્રમાણિત કરું છું કે,-

(૧) સહયાત્રી, મારા પત્ની કે પતિ/ મારી સાથે રહેતા અને મારા પર આધારિત મારા કુટુંબના સભ્યો છે.

(૨) હું જયાં સુધી ખાતરી કરી શકયો છું ત્યાં સુધી રેલવે ધ્વારા મુસાફરી કરેલ અંતર સાચું છે.

(૩) જે મુસાફરીના ભાડાની પરત ભરપાઈ માટે મેં જે દાવો કર્યો છે તે મુસાફરી મેં / અમે ખરેખર કરેલ છે.

(૪) મુસાફરી માટે જે રકમ પરત ભરપાઈ કરી આપવા દાવો કરવામાં આવેલ છે તે રકમ ખરેખર થતા ભાડાની રકમ કરતાં વધતી નથી.

(૫) બીજી કોઈ રૂએ મેં આ મુસાફરીના ભાડાની પરત ભરપાઈની ચૂકવણી મેળવેલ નથી.

**ગુજરાત વિધાનસભાના સભ્યની સહી**

**નોંધ :- લાગુ ન પડતું હોય ત્યાં છેકી નાખવું.**

------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.